સુવિચાર

ખરો વિદ્યાભ્યાસ એ જ છે કે જેના વડે આપણે આત્માને, પોતાની જાતને, ઈશ્વરને અને સત્યને ઓળખીએ...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



રેલનગરમાં અમી રેસીડન્સી ફ્લેટમાં જુગાર રમતી બે મહિલા સહિત નવ પત્તાપ્રેમી ઝડપાયા P-4

Year-16, Issue-185 ■ DATE : 19-11-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ટ્રીબ્યુનલ સુધારા ખરડાને ફગાવી દેતી સુપ્રીમ

## કેન્દ્ર સરકાર નવી બોટલમાં જુનો શરાબ લાવી છે તેવી આકરા શબ્દોમાં ટીકા કરી અનેક જોગવાઈઓને રદ કરી હતી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સરકાર અને સુપ્રીમકોર્ટ વચ્ચે વિવાદનું કારણ બની ગયેલા ટ્રીબ્યુનલ રીફોર્મ્સ એક્ટ ૨૦૨૧ને સર્વોચ્ચ અદાલતે નવી બોટલમાં જુનો શરાબ તેવી ટીકા સાથે તેની અનેક જોગવાઈઓને રદ કરી હતી.

અગાઉ સર્વોચ્ચ અદાલતે આ જોગવાઈઓને ગેરબંધારણીય ગણાવી હતી અને સરકાર જે રીતે આ કેસમાં મુદત લઈ રહી હતી તેમાં એક સમયે ચીફ જસ્ટીસ બી.આર.ગવઈએ એવું પણ વિધાન કર્યુ હતું કે સરકાર મારી નિવૃતિની રાહ જુએ છે પણ હું આ અંગે ચૂકાદો આપતો જઈશ અને ગઈકાલે આ ચૂકાદામાં સર્વોચ્ચ અદાલતને જે કાંઈ જોગવાઈઓ સામે વાંધો હતો તે તમામ ફગાવી છે.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે, અગાઉ અમે જે જોગવાઈઓને ગેરબંધારણીય ગણાવી હતી તે નવા શબ્દો સાથે સરકાર ફરી લાવી છે. આ ન્યાયતંત્રના આદેશની પણ અવગણના છે. સર્વોચ્ચ અદાલતે તેના ચૂકાદાનું પાલન ન કરવા અને ટ્રીબ્યુનલની સ્વતંત્ર કાર્યપ્રણાલીને નબળી પાડવાનો આરોપ સરકાર પર લગાવ્યો હતો અને એ પણ કહ્યું કે સંસદ દ્વારા મંજુર કરાયેલ ટ્રીબ્યુનલ સુધારા ખરડો ૨૦૨૧ની આ જોગવાઈઓ ન્યાયીક સ્વતંત્રતાને અસર કરે છે.

તેથી તે રદ કરવામાં આવે છે. સર્વોચ્ચ અદાલતે એ પણ નારાજગી વ્યક્ત કરી કે સરકાર તેના આદેશોને પણ અને સ્વતંત્રતા તથા ન્યાયતંત્રની કાર્યપ્રણાલીના સિદ્ધાંતોનું પણ પાલન કરતી નથી.

## બિહારના મુખ્યમંત્રી તરીકે કાલે નીતિશકુમારની તાજપોશી



**મુખ્ય સમાચાર, પટણા**

નીતિશ કુમાર ફરી એકવાર જેડીયુના ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા છે. આ રીતે તેમના ૧૦મી વખત બિહારના સીએમ બનવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. જ્યારે બીજી બાજુ ભાજપની પટણામાં ચાલી રહેલી ધારાસભ્ય દળની બેઠકમાં ધર્મેન્દ્ર પ્રધાન સહિત દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. જેમાં બે મોટા નિર્ણય લેવામાં આવ્યા છે. ગત સરકારમાં બે ડેપ્યુટી સીએમ રહેલા ભાજપના નેતા સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હાને ફરી વખત ડેપ્યુટી સીએમનું પદ આપવા મંજૂરી આપી દેવામાં આવી છે. આ નિર્ણય ભાજપની બેઠકમાં લેવાયો છે. આ સાથે હવે નીતિશ કુમાર ફરી એકવાર બિહારના સીએમ બનશે તે નક્કી થઇ ગયું છે. તે આવતીકાલે ૧૦મી વખત બિહારના સીએમ તરીકે શપથ લેશે. ભાજપના ધારાસભ્ય દળની બેઠકમાં સમ્રાટ ચૌધરીને ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે. આ સાથે સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હાના નામને ડેપ્યુટી સીએમ તરીકે ફાઈનલ કરી દેવામાં આવ્યા છે. માહિતી અનુસાર એવી ચર્ચા છે કે બિહારના સીએમના શપથ ગ્રહણ સમારોહમાં પીએમ મોદી પણ આવતીકાલે હાજરી આપી શકે છે. આ સાથે કેન્દ્રીય ગૃહમંત્રી પણ હાજરી આપે તેવું નક્કી મનાઈ રહ્યું છે. આવતીકાલે ૧૧:૩૦ વાગ્યે શપથ સમારોહ યોજાશે.

**Petrol & Diesel Rate**

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૫.૧૮/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૮૬/લીટર |
| CNG | રૂ. ૮૪.૧૭/કિલો |

| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૨૪,૯૧૦ | ₹૧,૬૫,૦૦૦ |
| | +૧,૨૦૦ | +3000 |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૮.૪૬ | ₹૧૧૬.૨૩ |

## દેશમાં અંગદાન અને પ્રત્યારોપણની પ્રક્રિયા પારદર્શક બનાવવા સુપ્રીમની પહેલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં કીડની સહિતના અંગોના પ્રત્યારોપણમાં હવે એક સમાન એટલે કે ગરીબો માટે પણ પ્રત્યારોપણના જરૂરી અંગ મેળવવાની તક રહે તેવી પારદર્શક પધ્ધતિ નિશ્ચિત કરવા સુપ્રીમ કોર્ટે તૈયારી બતાવી છે.

આ ઉપરાંત ખાસ કરીને જે કીડની રેકેટ ચાલે છે તેને પણ ડામવા માટે અસરકારક નિયંત્રણ પ્રક્રિયા ઉભી કરશે. અનેક વખત આ પ્રકારના ટ્રાન્સપ્લાન્ટથી વ્યકિતનું જીવન બચે છે અને તેમાં ખાસ કરીને કીડનીની સૌથી વધુ માંગ રહે છે. પરંતુ અનેક વખત કીડની રેકેટમાં લાખો રૂપિયામાં આ પ્રકારના સોદા થાય છે. તે સમયે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયામૂર્તિ બી.આર. ગવઈના અધ્યક્ષ પદ હેઠળની ખંડપીઠે મંતવ્ય વ્યકત કર્યું હતું કે નેશનલ ઓરગન ડેટા ગ્રીડ બનવી જોઈએ અને તેમાં લોકોને પ્રાથમીકતાના ધોરણે અને પારદર્શક રીતે જરૂરી માનવ અંગ ટ્રાન્સપ્લાન્ટ માટે મળી રહી તે નિશ્ચિત થવું જોઈએ. આ માટે એક રાજય સ્તરનું અને રાષ્ટ્રીય સ્તરનું વેઈટીંગ લીસ્ટ પણ લોકો ગમે ત્યારે જોઈ શકે તે હોવું જોઈએ. ખાસ કરીને ગરીબોને આ પ્રકારના ટ્રાન્સપ્લાન્ટમાં ભાગ્યે જ તક રહે છે તેઓ માટે જરૂરી માનવ અંગ મેળવવાનો મોટો ખર્ચ અને બાદમાં ટ્રાન્સપ્લાન્ટ માટેની ખર્ચાળ પ્રક્રિયા આ તમામ ગરીબોને તેનાથી દુર રાખે છે. ફકત ધનવાન અને દબંગશાળી લોકો આ સીસ્ટમમાં લાભ મેળવી જાય છે.

આ અંગે સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂઆત થઈ હતી કે તેણે કેન્દ્ર અને રાજય સરકારની આ પ્રક્રિયા ઉભી કરવા જણાવવું જોઈએ તેમજ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી તેમને પોશાય શકે તેવી હોવી જોઈએ.

## વડાપ્રધાન મોદીની હત્યા કરવાની ધમકીઃ ડીએમકે નેતાનો વિડિયો વાયરલ થતા ખળખળાટ

### મોદી આજે તામિલનાડુની એક દિવસની મુલાકાતેઃ ડીએમકે નેતાની ધરપકડની માંગ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભાજપ અને ડીએમકે ફરી એકવાર રાજકીય વિવાદમાં ફસાઈ રહ્યા હોય તેવું લાગે છે. ડીએમકે દક્ષિણ જિલ્લા સચિવ જયપાલનનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેમણે કથિત રીતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મારી નાખવાની ધમકી આપી છે. તમિલનાડુ ભાજપ પ્રમુખે જયપાલનનો વીડિયો શેર કર્યો છે અને તેમની ધરપકડની માંગ કરી છે. નોંધનીય છે કે આ વીડિયો પીએમ મોદી બુધવારના રોજ તમિલનાડુની એક દિવસની મુલાકાત માટે આવવાના છે તેના થોડા દિવસો પહેલા જ આવ્યો છે.

આજે પીએમ મોદીની તમિલનાડુ મુલાકાત પહેલા ડીએમકે નેતાએ મોદીને મારી નાખવાની ધમકી આપતા એક વીડિયોએ વિવાદ ઉભો કર્યો છે. ભાજપના પ્રદેશ પ્રમુખ નયનર નાગેન્દ્રને સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને લખ્યું છે કે વડા પ્રધાનને મારી નાખવાની ધમકી આપનાર ડીએમકે નેતાની તાત્કાલિક ધરપકડ કરવી જોઈએ. તેનકાસી જિલ્લામાં એસઆઈઆર વિરુદ્ધ વિરોધ પ્રદર્શન દરમિયાન, ડીએમકે દક્ષિણ જિલ્લા સચિવ જયપાલને આડકતરી રીતે પીએમ મોદીને મારી નાખવાની ધમકી આપી હતી.

ડીએમકે નેતા જયપાલને પીએમ મોદીની તુલના નરકાસુર સાથે કરી. મોદી તમારા મતો ચોરી કરવા માટે ઉત્સુક છે; તે બીજો નરકાસુર છે. તેમને ખતમ કરીને જ તમિલનાડુને ફાયદો થઈ શકે છે. આપણે આ લડાઈ એકતાપૂર્વક લડવી જોઈએ અને જીતવી જોઈએ.

નયનર નાગેન્દ્રને સોશિયલ મીડિયા પર લખ્યું છે કે દેશમાં ખૂબ જ મહત્વપૂર્ણ પદ ધરાવતા નેતા, ખાસ કરીને વિશ્વભરમાં આદરણીય એક મહાન નેતા, કોઈપણ સન્માન કે સ્ટેજ શિષ્ટાચાર વિના, મારી નાખવાની ધમકી આપવી તમિલનાડુમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે શંકા ઉભી કરે છે. ખાસ કરીને, તેનકાસી સાંસદ રાની શ્રીકુમાર અને શંકરનકોવિલ ધારાસભ્ય રાજા, જેઓ ત્યાં હાજર હતા, જિલ્લા સચિવના ક્રૂર ભાષણમાં વિક્ષેપ પાડ્યા વિના, મૌન સમગ્ર પક્ષના હિસક સ્વભાવ અને ક્રૂરતાને ઉજાગર કરે છે. આને ટાળવા માટે ડીએમકે ગમે તે બહાના બનાવે, તે સ્વીકારવામાં આવશે નહીં. હું ડીએમકે સરકારને વિનંતી કરું છું કે તેઓ તાત્કાલિક ડીએમકે દક્ષિણ જિલ્લા સચિવ જયપાલનની ધરપકડ કરે, જેમણે ભારતના માનનીય વડા પ્રધાનની સલામતીને જોખમમાં મૂકે તેવા નિવેદનો આપ્યા છે.

## અલ-ફલાહ યુનિ.ના ચેરમેન જાવેદ અહેમદ સીદીકી ૧૩ દિવસના રીમાન્ડ પર

### છેલ્લા આઠ વર્ષથી આ યુનિવર્સિટી કોઈપણ જાતની માન્યતા વગર ચાલતી હોવાનો ઘટસ્ફોટ




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાટનગર દિલ્હીમાં તા.૧૦ના રોજ થયેલા બોમ્બ વિસ્ફોટની તપાસમાં એક તરફ નવા નવા ધડાકા થતા જાય છે તે વચ્ચે હવે એજન્સીઓએ ધરપકડ અને રીમાન્ડનો દૌર પણ તેજ બનાવ્યો છે અને તેમાં ગઈકાલે ખાસ પીએમએનએલએ અદાલતે અલ ફલાહ યુનિ.ના ચેરમેન જાવેદ અહેમદ સીદીકીને ૧૩ દિવસની ઈડીના રીમાન્ડ પર સોંપ્યા છે.

ગઈકાલે જ ઈડીએ સીદીકીની ધરપકડ કરી હતી. આ યુનિ. આતંકી અડ્ડો બની હોવાનું બહાર આવ્યું છે અને યુનિ.ના સંચાલકોનો મોટા પાયે નાણાકીય રીતે ગોટાળા તથા જે પ્રકારે યુનિ.ને ભંડોળ મળે છે તેનો જેહાદી પ્રવૃતિમાં ઉપયોગ સહિતના પુરાવા મળ્યા છે અને મોટાપાયે મનીલોન્ડ્રીંગ થતુ હોવાનું બહાર આવ્યું છે.

જેના પરથી ગઈકાલે સીદીકીની ધરપકડ કરી હતી અને તેની રીમાન્ડ માટે રાત્રીના ૧૧ વાગ્યે એડી. સેશન્સ જજ શીતલ ચૌધરી પ્રધાનના નિવાસસ્થાને અદાલત લાગી હતી અને તેમાં સીદીકીને ૧૩ દિવસના રીમાન્ડ પર સોંપાયા છે.

અદાલત સમક્ષ રજૂ થયેલા દસ્તાવેજો મુજબ આ યુનિ.ને ૨૦૧૮થી ૨૦૨૫ સુધીમાં ૪૧૫.૧૦ કરોડ રૂપિયાનું ભંડોળ અને ગ્રાન્ટ મળી છે. પણ યુનિ.એ તેની માન્યતા અને અન્ય માહિતીઓમાં ગેરરીતિ આચરી છે. જેમાં હવે આઠ વર્ષથી આ યુનિ. કોઈ માન્યતા વગર જ ચાલતી હોવાનું બહાર આવ્યું છે.

## આંધ્રપ્રદેશના જંગલોમાં સુરક્ષાદળો સાથેની અથડામણમાં ૭ નકસલીઓ ઠાર



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બુધવારે સવારે આંધ્ર પ્રદેશના પૂર્વી ગોદાવરી જિલ્લાના મારેડુમિલ્લી અને જી.એમ. વાલસાના જંગલોમાં સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં ૭ નક્સલીઓ માર્યા ગયા છે. મંગળવારથી શરૂ કરાયેલા સંયુક્ત ઓપરેશનના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી હતી. રાજ્યના ઈન્ટેલિજન્સ એડીજી મહેશ ચંદ્ર લડ્ડાએ પ્રેસ કોન્ફરન્સમાં પુષ્ટિ કરી હતી કે અથડામણ દરમિયાન ૪ પુરુષ અને ૩ મહિલા નક્સલીઓ ઠાર થયા છે.

મૃત્યુ પામેલા નક્સલીઓમાં સંગઠનનો ટોચનો ઈન્ટેલિજન્ટ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ એક્સપર્ટ મેત્તુરુ જોગારાવ ઉર્ફે ટેક શંકર પણ હતો. તે આંધ્ર-ઓડિશા બોર્ડર સ્પેશિયલ ઝોનલ કમિટીનો એક મહત્ત્વપૂર્ણ સભ્ય હતો અને ટેક્નિકલ ઓપરેશન્સ માટે મુખ્યત્વે જવાબદાર ગણાતો હતો. સુરક્ષા એજન્સીઓ અનુસાર, ટેક શંકર એવો કેડર હતો જેણે છેલ્લા કેટલાક વર્ષોમાં છત્તીસગઢ અને આંધ્ર-ઓડિશા બોર્ડર વિસ્તારમાં સુરક્ષા દળો પર થયેલા લગભગ બધા મોટા લેન્ડમાઇન અને હુમલાઓનું ડિઝાઈનિંગ અને અમલ કર્યો હતો.

પોલીસના કહેવા મુજબ, તે હથિયારોનું ઉત્પાદન, સંચાર પ્રણાલી અને વિસ્ફોટક ઉપકરણોની રચનામાં નિષ્ણાત હતો. તેની આ જ વિશેષજ્ઞતાને કારણે તે સંગઠનની 'ટેક્નિકલ કરોડરજ્જુ' તરીકે ઓળખાતો હતો.

છેલ્લા કેટલાક મહિનાઓથી, આંધ્ર-ઓડિશા બોર્ડર વિસ્તારમાં નક્સલી ગતિવિધિઓ વધી રહી હોવાના અહેવાલો હતા. મળતી જાણકારી અનુસાર, નક્સલીઓ જંગલોની અંદર નવા ઠેકાણાઓ ઊભા કરી રહ્યા હતા, પોતાના કેડરને ફરી સક્રિય કરી રહ્યા હતા અને છત્તીસગઢ તરફથી નવા જૂથો રાજ્યની સરહદમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

આ માહિતીના આધારે, આંધ્ર પ્રદેશ ગ્રેહાઉન્ડ્સ અને અન્ય એજન્સીઓએ મંગળવારે મોટું સર્ચ ઓપરેશન શરૂ કર્યું. આ ઓપરેશનના પરિણામે, બુધવારે સવારે જી.એમ. વાલસા વિસ્તારમાં અથડામણ થઈ.

## નેશનલ હાઈવે ઉપર ક્યૂઆર કોડ સ્કેન કરતા જ પ્રોજેક્ટ, હોસ્પિટલ, ટોલનાકાની માહિતી મળી જશે

એક્સપ્રેસ હાઈવે અને નેશનલ હાઈવે ઉપર હવે રસ્તાની ડાબી બાજુ ક્યુઆર કોડના બોર્ડ મુકાશે. વાહનમાલિકો આ ક્યૂઆર કોડ સ્કેન કરશે એટલે તવ સ્ટેશન, પેટ્રોલપંપ, પંક્ચર બનાવનાર, રેસ્ટેરન્ટ, હોટેલ સહિતની માહિતી એક ક્લિક પર મળી જશે. નેશનલ હાઈવે અને એક્સપ્રેસ હાઈવે ઉપર દર ૨૦ કિલોમીટરના અંતરે આવા કક્યૂઆર કોડના બોર્ડ મુકાશે. ક્યૂઓર કોડ મૂકવા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આગામી ટૂંક સમયમાં ક્યૂઆર કોડ મૂકવાનો આરંભ કરી દેવાશે. અકસ્માત કે આપાતકાલીન સમયે વાહનમાલિકોને નજીકની હોસ્પિટલ, ક્લિનિક તેમજ પોલીસ સ્ટેશનનું નામ અને નંબર જેવી બેઝિક માહિતી મળી રહે તે માટે કેન્દ્રીય મંત્રી નીતિન એક્સપ્રેસ હાઈવે અને નેશનલ હાઈવે બોર્ડ મૂકવા આદેશ આપ્યો હતો. દરેક વાહનમાલિકને આસપાસની હોસ્પિટલ, રેસ્ટેરન્ટ, પેટ્રોલપંપ, ટોલનાકું, રસ્તો બનાવનાર કોન્ટ્રાક્ટરનું નામ તેમજ રસ્તાના મેન્ટેનન્સની લગતી માહિતી એક ક્લિક પર મળી જાય તેવી સુવિધા ઊભી કરવા ફરમાન જારી કર્યું હતું.

## દિલ્હીમાં પ્રદુષણ ફરી એકવાર ખલનાયકની ભૂમિકામાંઃ શ્વાસના દર્દીઓને થોડો સમય દિલ્હી છોડી જવા સલાહ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશનું પાટનગર દિલ્હીમાં પ્રદુષણ દર વર્ષે ખલનાયકની ભૂમિકા ભજવે છે. તેમાં આ વર્ષે હજુ શિયાળાના પ્રારંભે જ જે રીતે અનેક વિસ્તારોમાં એર કવોલીટી ઈન્ડેકસ ખતરનાક સ્તરે પહોંચી ગયો છે અને આજે સવારથી જ પાટનગર ઉપર ગાઢ ધુમ્મસ, ધુમાડા તથા ઠંડી હવા સ્થિર થઈ જતા પુરા વિસ્તારમાં અત્યંત ઝેરીલું પ્રદુષણ હોવાનું જાહેર થયું છે અને લોકોની આંખોમાં બળતરા, ગળામાં ખરાસ અને છાતીમાં ભારેપણા સહિતની ફરીયાદો આવવાનું શરૂ થઈ જતા ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સે પાટનગરમાં હેલ્થ ઈમરજન્સી એટલે કે આરોગી કટોકટી હોવાનું જાહેર થયું છે.

જણાવ્યું છે કે, આ પ્રકારના પ્રદુષણથી સ્વસ્થ લોકો પણ બીમાર પડી રહ્યા છે અને બાળકોના ફેફસાઓને આ પ્રદુષણ ૪૦ ટકા જેવું નુકશાન પહોંચાડી રહ્યું છે અને પ્રદુષણ બાળકો દ્વારા શ્વાસમાં લેવાતા પીએમ ૨.૫ની સાથે ફેફસાના ઉંડા ભાગ સુધી એટલે કે ડીપ લંગ તરીકે ઓળખાતા ભાગ સુધી પ્રદુષણ પહોંચીને તે જમા થઈ જવા લાગતા ફેફસાને ગંભીર નુકશાન થવાનો ભય છે.

એઈમ્સના પલ્મોનરી મેડીસીનના વડા ડો.અનંત મોહને ખાસ કરીને જે લોકોમાં ખાસ કરીને શ્વાસની અને ફેફસાની બીમારી હોય તેમને સાવધ થઈ જવા સલાહ આપતા જણાવ્યું હતું કે આ પ્રકારની સ્થિતિ આગામી ત્રણથી ચાર સપ્તાહ સુધી ચાલી શકે છે. દિલ્હી અને એનસીઆરમાં એર કવોલીટી ઈન્ડેકસ ૪૦૦થી આગળ વધીને પ્રથમ વખત ૫૦૦એ પહોંચી ગયો છે અને તેને અત્યંત ગંભીર કક્ષામાં મુકવામાં આવ્યો છે.

દિલ્હી અને જહાંગીરપુરીમાં આ ઈન્ડેકસ ૫૦૦થી ઉપર પહોંચતા જ કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડે દિલ્હીની હવાને અત્યંત ખરાબ સ્થિતિમાં મુકીને નાના બાળકોને ઘરમાં જ રાખવા સલાહ આપી છે અને બપોરના ૧૨ પછી એર કવોલીટી ઈન્ડેકસમાં સુધારો થઈ શકે છે. આ ઉપરાંત નાગરિકોને એન-૯૫ માસ્ક કે જે કોરોના સમયે ઉપયોગમાં લેવાતો હતો તે ફરી એક વખત અપનાવવા જણાવાયું છે.

## વિમા કંપનીઓ પર લગામ લગાવાશેઃ મેડીકલેઈમ પ્રિમીયમમાં મર્યાદા લાવવા સરકારે કવાયત આરંભી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં આરોગ્ય અને જીવન વિમાના પ્રીમીયમ પર જીએસટી દુર કર્યા બાદ લોકોને કામચલાઉ રાહત મળી છે. પરંતુ વિમા કંપનીઓ દ્વારા એક યા બીજા બહાને પ્રીમીયમમાં વધારો પણ કરવામાં આવી રહ્યો છે. તથા હોસ્પીટલોમાં પણ સારવાર સહિતના ખર્ચાઓ વધી રહ્યા છે. તે સમયે કેન્દ્ર સરકારે હવે વિમા રેગ્યુલેટરી, વિમા કંપનીઓ તથા હોસ્પીટલ ગ્રુપ સાથે વધતા જતા મેડીકલ ખર્ચ અને તેમાં જે રીતે વિમા કંપનીઓ કલેઈમ નિશ્ચિત કરવામાં પણ અલગ અલગ પધ્ધતિઓ અપનાવે છે.

તેના બદલે એક સમાન સિસ્ટમ દાખલ કરવા માટે વિચારણા શરૂ કરી છે. ખાસ કરીને એક તરફ આ પ્રકારના વિમા પ્રીમીયમ પર એક મર્યાદા મૂકવી, એજન્ટોના કમીશનો પણ મર્યાદીત કરવા ઉપરાંત વિમા કંપનીઓ જે પ્રકારે અનેક વખત છુપી કલમોથી આખરી ઘડીએ વિમાની રકમ અથવા તો તેનો ચોકકસ ખર્ચ ચૂકવવાનો ઈન્કાર કરે છે.

તેના બદલે સરકાર હવે વિમા કંપનીઓ તેના ડીસ્કલોઝર અત્યંત સ્પષ્ટ બનાવે તે નિશ્ચિત કરવા જઈ રહ્યું છે. નેશનલ હેલ્થ કલેમ એકસચેન્જ આ પ્રકારના વિમાના દાવાનું એક સંકલન કરતું પ્લેટફોર્મ સર્જાય અને તેનાથી વિમો લેનારને પણ વધુ પડતી પ્રક્રિયામાં જવું ન પડે તે જોવા જઈ રહી છે. પ્રારંભના તબકકે વિમા કંપનીઓએ જીએસટી ઘટાડાનો લાભ પોલીસી હોલ્ડરને આપ્યો છે.

પરંતુ ધીમે ધીમે પ્રીમીયમ વધારા કે અન્ય વધારાના રાઈડરથી ઉચ્ચુ પ્રીમીયમ વસુલ થવાનું શરૂ થઈ ગયું હોવાનો સંકેત છે તો બીજી તરફ દેશમાં વિમા કલેઈમમાં પણ અસમાનતા અને ખરેખર ખર્ચ કરતા ઓછી રકમ ચૂકવાતી હોવાનું બહાર આવ્યું છે. ખાસ કરીને હોસ્પીટલોમાં સારવાર માટે જે પ્રકારે દર્દીઓ પાસેથી વસુલાતી રકમમાં પણ અનેક પ્રકારના વિરોધાભાષ જોવા મળી રહ્યા છે.

અનેક હોસ્પીટલો બીનજરૂરી ટેસ્ટ અને દવાઓ તથા ઓપરેશનો પણ કરીને દર્દીનો મેડીકલ ખર્ચ વધારી રહી છે તેના બદલે દરેક મોટા દર્દ માટે એક સ્ટ્રીમલાઈન પધ્ધતિ અપનાવવા માટે તૈયારી છે. જે પારદર્શક પણ હોય તે નિશ્ચિત કરાઈ રહ્યું છે. દેશમાં આરોગ્ય ખર્ચ એ અન્ય દેશોની સરખામણીમાં ઉંચો રહ્યો છે. અને ૩.૨૬ કરોડ વિમા દાવાઓમાં રૂા.૯૪,૨૪૭ કરોડ જ ચૂકવાયા છે. જયારે કલેઈમ રીજેકશન દર પણ વધી રહ્યો છે.

# મોરબી વિશ્વશાંતિ માટે બ્રહ્માકુમારી દ્વારા ''બિલિયન મિનિટ્સ ઓફ પીસ'' પ્રોજેક્ટ અંતર્ગત ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન

BRAHMA KUMARIS

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સરદારબાગ સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા ''બિલિયન મિનિટ્સ ઓફ પીસ અપીલ'' પ્રોજેક્ટ હેઠળ ત્રણ મુખ્ય કાર્યક્રમો હાથ ધરાયા છે. જેમાં ૨૪ ઓક્ટોબરથી ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલનારા આ પ્રોજેક્ટનો હેતુ દરેક આત્મામાં માનસિક શાંતિ, સકારાત્મકતા અને વિશ્વશાંતિનો સંદેશ પહોંચાડવાનો છે. શાંતિદાન, શાંતિયાત્રા અને વર્લ્ડ મેડિટેશન-ડે ના વિશાળ સમાપન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

મોરબીમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સરદારબાગ તરફથી આપવામાં આવેલી માહિતી મુજબ, આ સંસ્થા છેલ્લા ૯૦ વર્ષથી વિશ્વભરમાં શાંતિ, નૈતિક મૂલ્યો અને આત્મપરિવર્તન દ્વારા વિશ્વપરિવર્તનના ઉદ્દેશ સાથે કાર્યરત છે. મહિલાઓ દ્વારા સંચાલિત આ સૌથી મોટી આધ્યાત્મિક સંસ્થા હાલ ૧૫૦ થી વધારે દેશોમાં કાર્યરત છે અને સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં સલાહકાર તરીકે પણ સેવા આપી રહી છે. સંસ્થાનું મુખ્ય મથક માઉન્ટ આબુ, રાજસ્થાન ખાતે આવેલ છે. વર્તમાન સમયમાં વ્યાપેલી અશાંતિ, અરાજકતા અને ભયના વાતાવરણને શાંત બનાવવા તેમજ દરેક વ્યક્તિને આંતરિક શાંતિનો અનુભવ થતો થાય તે માટે બ્રહ્માકુમારીઓના ગુજરાત ઝોને ''બિલિયન મિનિટ્સ ઓફ પીસ અપીલ પ્રોજેક્ટ'' શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટ તા. ૨૪ ઓક્ટોબર ૨૦૨૫ થી ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી રાજ્યના વિવિધ સેન્ટરોમાં સતત ચાલશે.

આ પ્રોજેક્ટ અંતર્ગત દરેક વ્યક્તિએ રોજ ઓછામાં ઓછી પાંચ મિનિટ શાંતિદાન કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. મનને નિશ્ચલ બનાવી શાંતિની શક્તિ વિશ્વમાં વિખેરાય તે આ અભિયાનનો મુખ્ય આશય છે. આ ઉપરાંત, તા. ૨૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ વિશાળ શાંતિયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાંતિના સંદેશ સાથે શહેરમાં જનજાગૃતિ ફેલાવવામાં આવશે અને તમામને શાંતિ માટે એકતાથી યોગદાન આપવાની અપીલ કરવામાં આવશે. આ અભિયાનનો સમાપન કાર્યક્રમ ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ વર્લ્ડ મેડિટેશન ડે નિમિત્તે અમદાવાદ યુનિવર્સિટી રોડ ખાતે યોજાશે. આ પ્રસંગે ૬૦,૦૦૦ રાજયોગી ભાઈ-બહેનો ભેગા થઈ ત્રણ કલાક સુધી ખાસ શાંતિદાન મેડિટેશન કરશે, જે વિશ્વશાંતિ માટે અત્યંત મહત્વપૂર્ણ યોગદાનરૂપ બનશે. તો આ વિશેષ ત્રણેય કાર્યક્રમમાં સૌ ભાગ લઈ વિશ્વશાંતિ માટે નિમિત્ત બને તેવો નમ્ર અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબીના રણછોડનગર નજીક વિદેશી દારૂ ભરેલ ઈકો કાર ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ

## વિદેશી દારૂની ૮૫૨ નંગ બોટલ સહિત ૧૦ લાખથી વધારેનો મુદ્દામાલ કબ્જે કરાયો







**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમે પૂર્વ બાતમીને આધારે શહેરના રણછોડનગર મેઈનરોડ જલારામ પાર્ક તથા અમૃતપાર્કની વચ્ચે રોડ ઉપરથી મારૂતી ઈકો ગાડીમાંથી ઈંગ્લીશ દારૂની નાની-મોટી કુલ ૮૫૨ નંગ બોટલ કિ.રૂ.૫,૮૮,૦૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ કિ.રૂ.૧૦,૦૮,૦૦૦/- નો મુદામાલ જમ કરવામાં આવ્યો છે. આ સાથે પોલીસે આરોપી નાસી ગયેલ ઈકો કારના ચાલક તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી એલ.સી.બી./પેરોલફર્લો સ્કવોડ ટીમ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન હેડ કોન્સ. ઈશ્વરભાઈ કલોતરા, ભરતભાઈ જીલરીયા તથા પો.કોન્સ વિક્રમભાઈ રાઠોડનાઓને ખાનગીરાહે હકિકત મળેલ કે, એક મારૂતી ઈકો ગાડી રજી.નં. જીજે-૦૩-એનકે-૩૯૭૩ વાળીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી એક ઈસમ રણછોડનગર મેઈનરોડ, શાંન્તીવન સ્કુલ તરફથી આ તરફ આવનાર છે તેવી ચોકકસ અને ભરોસાપાત્ર હકીકત મળેલ હોય જે ચોકકસ હકિકત આધારે મોરબી રણછોડનગર મેઈન રોડ જલારામપાર્ક તથા અમૃતપાર્કની વચ્ચે રોડ ઉપર ફોરવ્હીલ કારની વોચમાં હતા તે દરમિયાન એક ઈકો ગાડીનો ચાલક મુદામાલ મુકી નાશી ગયેલ હોય, જેથી તુરંત રેઢી મળેલ ઈકો કારની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ ઓલ સીઝન ગોલ્ડન કલેકશન રીઝર્વ વ્હીસ્કીની નાની-મોટી ૮૫૨ નંગ બોટલ કિ.રૂ.૫,૮૮,૦૦૦/- મળી આવી હતી. આ સાથે પોલીસે ઈકો કાર કિ.રૂ.૪ લાખ, એક મોબાઈલ કિ.રૂ.૨૦,૦૦૦/- સહિત કુલ રૂ.૧૦.૦૮ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી ઈકો કારના ચાલક તથા તપાસમાં ખુલ્લે તેની સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીઓને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ટંકારા ખોડીયાર આશ્રમમાં થયેલી લૂંટમાં મળેલ મુદામાલ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ફરીયાદીને પરત કરાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના મિતાણા ગામ નજીક ખોડીયાર આશ્રમમાં ૩૦ જુલાઈની રાત્રે અજાણ્યા ચાર લૂંટારાઓએ મહંતને ડરાવી ધમકાવી ૮૭ હજાર રૂપિયાનો મૂદામાલ લૂંટી લીધો હતો. જે બાદ ટંકારા પોલીસે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી આરોપીઓને પકડી તેમના પાસેથી કુલ રૂ.૫૫,૦૦૦/-નો મૂદામાલ કબજે કર્યો હતો. ત્યારે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ફરીયાદીને આ તમામ મુદ્દામાલ પરત કરવામાં આવ્યો છે.



ટંકારા તાલુકાના મિતાણા નજીક આવેલા ખોડીયાર આશ્રમમાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ટંકારા પોલીસે લૂંટમાં ગયેલ મુદામાલ ફરીયાદીને પરત સોંપ્યો છે. જે મામલે પ્રાપ્ત વિગતો મુજબ, તા. ૩૦ જુલાઈ ૨૦૨૫ની મોડી રાત્રે બે વાગ્યાના સમય ગાળામાં અજાણ્યા ચાર લૂંટારૂઓ ખોડલધામ આશ્રમના તાળા તોડી અંદર પ્રવેશ્યા હતા. મહંતશ્રી રામચરણદાસ માતાજી નારણદાસજીને છરી બતાવી ડરાવી ધમકાવ્યા બાદ તેમની પાસેની સોનાની કડી (મુંદરી), હાથમાં પહેરેલ ગેંડાનું કડુ, મોબાઈલ ફોન તેમજ રોકડા મળી કુલ રૂ. ૮૭,૦૦૦/-ની લૂંટ ચલાવી હતી. જે બાદ ફરીયાદી મહંતએ આ અંગે તા. ૧૩ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ટંકારા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને ટંકારા પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. ખંત પૂર્વકની તપાસ બાદ પોલીસે લૂંટને અંજામ આપનાર આરોપીઓને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી ગુનામાં ગયેલ મુદ્દામાલ પૈકી રૂ. ૨૦ હજાર રોકડ, સોનાની કડી કિ.રૂ ૩૫,૦૦૦/- અને ચાંદી ચડાવેલું ગેંડાનું કડુ કિ.રૂ.૨૦૦/- મળી કુલ રૂ.૫૫,૨૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

કોર્ટના હુકમ અનુસાર આજે તા.૧૮/૧૧ના રોજ આ મુદ્દામાલ ટંકારા પોલીસ દ્વારા મહંતશ્રીને તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પરત સોંપવામાં આવ્યો હતો.

# વાંકાનેરમાં ધારાસભ્યની પ્રેરક ઉપસ્થિતિમાં એકતા પદયાત્રા સંપન્ન

## રાતીદેવડી થી વાંકાનેર ટાઉનહોલ સુધી વિશાળ જનમેદની સાથેની એકતા પદયાત્રાને વાંકાનેર વાસીઓએ ઉમંગભેર આવકારી



**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયંતીની સમગ્ર દેશમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે મોરબી જીલ્લામાં વાંકાનેર વિધાનસભા મતવિસ્તારમાં ધારાસભ્ય જીતુભાઈ સોમાણીની પ્રેરક ઉપસ્થિતિમાં એકતા પદયાત્રા યોજાઈ હતી. આ એકતા પદયાત્રામાં વાંકાનેર વાસીઓ ઉમંગભેર જોડાયા હતા. આ એકતા પદયાત્રા થકી વાંકાનેરમાં દેશભક્તિના માહોલનું સર્જન થયું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય જીતુભાઈ સોમાણીએ સર્વે ઉપસ્થિતોને સરદાર પટેલની ૧૫૦ મી જન્મ જયંતી નિમિત્તે આયોજિત એકતા પદયાત્રા અન્વયે શુભેચ્છાઓ પાઠવી હતી. વક્તાશ્રી વર્ષાબેન દોશીએ લોખંડી પુરુષ સરદાર પટેલના જીવન-કવન તેમજ ભારતની આઝાદીની લડત, વિવિધ સત્યાગ્રહો તથા ભારતના એકીકરણમાં તેમની ભૂમિકા પર વક્તવ્ય આપ્યું હતું.

રાતીદેવડીથી વાંકાનેર નગરપાલિકાના ટાઉનહોલ સુધી આયોજિત આ એકતા પદયાત્રા થકી વાંકાનેરમાં ઉત્સવ અને દેશભક્તિના માહોલનું સર્જન થયું હતું. અનેક જગ્યાઓએ એકતા પદયાત્રાને નિહાળવા અને તેનું અભિવાદન કરવા લોકો રસ્તાઓ ઉપર એકત્ર થયા હતા. આ યાત્રામાં વિશાળ જનમેદની સહભાગી બની હતી, અનેક સમાજના અગ્રણીઓ, વિવિધ સંસ્થાઓ તેમજ શાળાઓએ ઠેર ઠેર આ યાત્રાને ઉમંગભેર આવકારી હતી અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. બાળકોએ દેશભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમોથી આ યાત્રાનું અભિવાદન કર્યું હતું. વાંકાનેરની મુખ્ય બજારમાં વિવિધ વેપારીઓએ આ યાત્રા પર પુષ્પ વર્ષા કરી યાત્રાનું અભિવાદન કર્યું હતું. વાંકાનેર નગરપાલિકાના ટાઉનહોલ ખાતે એકતા શપથ ગ્રહણ કરી આ યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાંકાનેર નગરપાલિકાના પ્રમુખ ડિમ્પલબેન સોલંકી, વાંકાનેર પ્રાંત અધિકારી ડો.વિપુલ સાકરીયા, નાયબ પોલીસ અધિક્ષક સમીર સારડા, મામલતદાર કે.વી. સાનિયા, વાંકાનેર નગરપાલિકાના ચીફ ઓફિસર ગિરીશ સેરૈયા, તાલુકા વિકાસ અધિકારી પાયલબેન ચૌધરી, ઉપસ્થિત રહ્યા હતા. આ યાત્રામાં અગ્રણીઓ, પદાધિકારીઓ/અધિકારીઓ તથા નાગરિકો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લાના મહત્ત્વપૂર્ણ ઝાંખર-વાડીનાર રોડનું આધુનિકરણ પૂરજોશમાંઃ ૧૦ મીટર પહોળા માર્ગનું રિસર્ફેસ અને નવા બ્રિજનું નિર્માણ થશે



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાનો અગત્યનો ગણાતો ઝાંખરથી વાડીનાર સુધીનો ૧૦.૭ કિલોમીટર લાંબો માર્ગ અત્યાધુનિક સુવિધાઓ સાથે તૈયાર થઈ રહ્યો છે. આ માર્ગનું ૧૦ મીટર પહોળાઈ સાથે રિસર્ફેસિંગ, સીસી રોડ બનાવવાની તેમજ રસ્તા પરના જૂના અને જર્જરિત બ્રિજને તોડીને તેના સ્થાને નવા, મજબૂત બ્રિજ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ કામ વિશે માહિ-તી આપતા જામનગર માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)ના કાર્યપાલક ઈજનેર વિજય ગૌસ્વામીએ જણાવ્યું હતું કે, ઝાંખર-વાડીનાર રોડ એ આ વિસ્તાર માટે અતિ મહત્વપૂર્ણ માર્ગ છે. આ માર્ગ વાડીનાર પોર્ટ, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ તેમજ પર્યટનનું મુખ્ય કેન્દ્ર એવા નરારા મરીન નેશનલ પાર્કને જોડતો હોવાથી તેનું વ્યૂહાત્મક મહત્વ ઘણું વધારે છે.તેમણે ઉમેર્યું હતું કે આ આધુનિકરણના કારણે પોર્ટની પ્રવૃત્તિઓ, સુરક્ષા સંબંધિત હેરફેર અને પર્યટન માટેની અવરજવર ખૂબ જ સરળ સુરક્ષિત અને ઝડપી બનશે જે જામનગર જિલ્લાના સર્વાંગી વિકાસમાં મોટો ફાળો આપશે.

# મોરબીમાં ૨૦ નવેમ્બરે ભવ્ય એકતા પદયાત્રા યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

નવા બસ સ્ટેન્ડ સરદાર પટેલના સ્ટેચ્યુથી મણીમંદિર સુધી પદયાત્રાનું આયોજન, બહોળી સંખ્યામાં જોડાવવા જીલ્લાવાસીઓને કલેક્ટર સ્વપિનલ ખરેનો અનુરોધ.

મોરબી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયંતીની સમગ્ર ગુજરાત રાજ્યની સાથે દેશભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે મોરબી જીલ્લામાં યોજાઈ રહેલા કાર્યક્રમ અન્વયે મોરબી વિધાનસભા મત વિસ્તારમાં એકતા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે આયોજન મુજબ આગામી ૨૦ નવેમ્બરના રોજ સવારે ૦૯૦૦ કલાકથી મોરબીમાં સરદાર પટેલના સ્ટેચ્યુ, નવા બસસ્ટેન્ડ થી મણીમંદિર સુધી એકતા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પદયાત્રામાં બહોળી સંખ્યામાં જોડાવવા જીલ્લાવાસીઓને જીલ્લા કલેકટર સ્વપિનલ ખરે દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# યુનિવર્સલ પોસ્ટલ યુનિયન દ્વારા લેવામાં આવેલી આંતરરાષ્ટ્રીય પત્ર લેખન સ્પર્ધામાં જામનગરની વિદ્યાર્થીની સોનલ ડેર સમગ્ર રાજ્યમાં દ્વિતીય

**મુખ્ય સમાચાર, જામનગર**

યુનિવર્સલ પોસ્ટલ યુનિયન દ્વારા યુવા લેખકો માટે ૧૯૭૧ થી દર વર્ષે આંતરરાષ્ટ્રીય પત્ર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. જે ૯ થી ૧૫ વર્ષના યુવા લેખકોને ચોક્કસ થીમ પર પત્ર લેખન માટે પ્રોત્સાહિત કરે છે, આ સ્પર્ધા યુવાનોને સમાજમાં ટપાલ સેવાઓની મહત્વપૂર્ણ ભૂમિકાથી પરિચિત કરવાનો ઉત્તમ માર્ગ છે. જે તેમની લેખન માટેની વૈચારિક ક્ષમતા, રચનાત્મક વિચારો અને તેમના વિચારો સ્પષ્ટ રીતે વ્યક્ત કરવાની ક્ષમતા વિકસાવે છે.આ વર્ષે ૫૪માં આંતરરાષ્ટ્રીય પત્ર લેખન સ્પર્ધા-૨૦૨૫ ની થીમ કલ્પના કરો કે તમે સમુદ્ર છો. તમે કોઈને પત્ર લખો અને સમજાવો કે લોકોએ તમારી સારી સંભાળ કેમ અને કેવી રીતે રાખવી જોઈએ''નક્કી કરવામાં આવેલ હતી.જે અંતર્ગત સમગ્ર ગુજરાત રાજ્યમાંથી એન્ટ્રીઓ આવેલ હતી. જેમાં એર ફોર્સ સ્કૂલ, જામનગરની વિદ્યાર્થીની કું. સોનલ આર. ડેર ઉંમર વર્ષ ૧૪ એ ગુજરાત રાજ્યમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેના અનુસંધાને અભિજીત સિંહ,




અધિક્ષક, જામનગર ટપાલ મંડળ તેમજ ઉમેશચંદ્ર પંડિત, આચાર્ય, એર ફોર્સ સ્કૂલ, જામનગર દ્વારા એર ફોર્સ સ્કૂલ, જામનગર ખાતે સન્માન સમારોહનું આયોજન કરી રૂ. ૧૦,૦૦૦ નો ચેક તેમજ સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ હતું.આ સ્પર્ધામાં આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રથમ ત્રણ વિજેતાઓને અનુક્રમે ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ અને બ્રોન્ઝ મેડલ તેમજ સર્ટિફિકેટ આપીને સન્માનીત કરવામાં આવે છે. રાષ્ટ્રીય સ્તર ના પ્રથમ ત્રણ વિજેતાઓને અનુક્રમે રૂ. ૫૦,૦૦૦, રૂ. ૨૫,૦૦૦ અને રૂ. ૧૦,૦૦૦ સાથે સર્ટિફિકેટ આપીને સન્માનીત કરવામાં આવે છે.જ્યારે રાજ્ય સ્તરના પ્રથમ ત્રણ વિજેતાઓને અનુક્રમે રૂ. ૨૫,૦૦૦, રૂ. ૧૦,૦૦૦ અને રૂ. ૫,૦૦૦ સાથે સર્ટિફિકેટ આપીને સન્માનીત કરવામાં આવે છે.

# કાલાવડના રાજસ્થળી ગામની સીમમાંથી દેશી દારૂ-આથા સાથે એક શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર.કાલાવડના રાજસ્થળી ગામની સીમમાંથી એલસીબીએ રિક્ષામાં લઈ જવાતો ૩૦૦ લીટર દેશી દારૂ તથા બે હજાર લીટર આથો કબજે કર્યો છે. ઝડપાયેલા કપુરીયા ગામના શખ્સે તે જથ્થો કાલાવડના શખ્સને આપવા જતો હોવાની કબૂલાત આપી છે. કુલ રૂા.ર લાખ ૬૫ હજારનો મુદ્દામાલ કબજે કરાયો છે.કાલાવડ તાલુકાના રાજસ્થળી ગામની સીમમાં એક શખ્સના ખેતર પાછળ નદીના કાંઠે દેશી દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી પરથી એલસીબીના સ્ટાફે પીઆઈ વી.એમ. લગારીયાની સુચનાથી દરોડો પાડ્યો હતો. ત્યાં આવેલા હરસુખ બાબુભાઈ મકવાણા નામના શખ્સના ખેતર નજીક નદીના કાંઠેથી એલસીબીએ




એક રિક્ષા પકડી પાડી હતી.ઉપરોક્ત રિક્ષાની તલાશી લેવાતા તેમાંથી ૩૦૦ લીટર દેશી દારૂ, ૨૦૦૦ લીટર આથો મળી આવતા દારૂ તથા આથો તેમજ જીજે-૩-બીએક્સ ૯૯૨૬ નંબરની રિક્ષા અને એક મોબાઈલ સાથે હરસુખની અટકાયત કરવામાં આવી છે.આ શખ્સની પૂછપરછ કરાતા તેણે આ જથ્થો કાલાવડના દિલીપ દિનેશભાઈ સીતાપરા ઉર્ફે અંધાને આપવાનો હોવાની કબૂલાત આપી છે. બંને શખ્સ સામે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ગુન્હો રજીસ્ટર કરાવાયો છે.

# હળવદ પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી નહિ કરનાર હોટલ સંચાલક સામે જાહેરનામા ભંગની કાર્યવાહી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ માળીયા હાઈવે ઉપર આવેલ હોટલમાં આવતા મુસાફરોની પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી નહિ કરનાર હોટલ-સંચાલકની સામે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ પોલીસ મથક પીઆઇ આર.ટી.વ્યાસની સુચના અને માર્ગદર્શન હેઠળ હળવદ પોલીસ ટીમે ચેકીંગ દરમીયાન હળવદ-માળીયા હાઈવે ઉપર આવેલ રાધે-ઇન હોટલમાં રોકાયેલ મુસાફરોની નોંધ પથીક સોફટવેરમાં નહી કરી તેમજ મુસાફરોના ઓળખના પુરાવા નહી મેળવી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરતા હોટલ સંચાલક મળી આવતા ગુન્હો દાખલ



કરવામાં આવેલ છે. આ સાથે હોટલ સંચાલક આરોપી નરેશકુમાર લાલુજી પટેલ ઉવ.૨૭ રહે. રાધે-ઈન હોટલ હળવદ માળીયા હાઈવે તા.હળવદ મુળરહે.દેવગામ તા.જી.સલુંબર (રાજસ્થાન) વાળાની અટક કરી તેના વિરુદ્ધ બીએનએસ કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# ચેલા ગામની વાડીમાં વીજ શોકથી ૧૦ જેટલી ગાયોના મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના ચેલા ગામની સીમ વિસ્તારમાં વાડીમાં પાક રક્ષણ માટે ગેરકાયદે મુકવામાં આવતા વીજ શોકમાં ૧૦ જેટલી ગાયોના મૃત્યુ નિપજતાં જીવદયા પ્રેમીઓમાં રોષની લાગણી વ્યાપી ગઈ છે.ખેડુતો પોતાના પાક રક્ષણ માટે વાડીના શેઢા પર વીજ શોક મુકવામાં આવતો હોય છે, જેના કારણે અવાર-નવાર પશુઓ તેમજ માનવીઓનો ભોગ લેવાતો રહે છે. ત્યારે શહેરથી નજીકમાં આવેલા ચેલા ગામમાં કોઈ ખેડુત પોતાની વાડીમાં પાક રક્ષણ માટે મુકવામાં આવતા વીજ શોકમાં દશેક જેટલી ગાયોના મોત નિપજ્યા છે.જેમાં છેલ્લા બે દિવસમાં તો ત્રણેક જેટલી ગાય માતાના મોત નિપજતાં ગામ લોકો તેમજ જીવદયા પ્રેમીઓમાં રોષની લાગણી વ્યાપી ગઈ છે. વાડીમાં વીજ શોક મુકનાર સામે કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી રહી છે. તેમજ ગાય માતાના મૃતદેહના વિડીયો બનાવીને સોશ્યલ મીડીયામાં વાયરલ પણ કરવામાં આવ્યા છે. તો વિડીયોમાં અમુક પશુઓના તો હાડપિંજર જોવા મળે છે. જેથી વાડીના શેઢે ગેરકાયદે વીજ શોક મુકનાર સાથે કાયદેસરની કાર્યવાહી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# મોરબીમાં ભાગ્યલક્ષ્મી સોસાયટીના રહેણાંક માંથી અંગ્રેજી દારૂની ૩૪ બોટલ ઝડપાઇ, આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસે મળેલ બાતમીને આધારે સામાકાંઠા વિસ્તારમાં વેજીટેબલ રોડ ઉપર આવેલ ભાગ્યલક્ષ્મી સોસાયટીના રહેણાંક મકાનમાં રેઇડ કરી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડ અને ક્ષમતાની ૩૪ બોટલ ઝડપી લેવામાં આવી હતી. જ્યારે આરોપી મકાન-માલીક રેઇડ દરમિયાન હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી તેને ઝડપી લેવા આગળની તપાસ શરૂ કરી છે.

મળતી વિગતો અનુસાર, મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળી કે, આરોપી મયુર ઉર્ફે મયલો ઘુચરી રહે. વેજીટેબલ રોડ ભાગ્યલક્ષ્મી સોસાયટી વાળો પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂની બોટલો રાખી તેનું વેચાણ કરે છે, જેથી તુરંત ત્યાં રેઇડ કરતા મકાનમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની અને ક્ષમતાની ૩૪ નંગ બોટલ કિ.રૂ.૧૪,૯૯૨/- મળી આવી હતી. રેઇડ દરમિયાન આરોપી મયુરભાઈ ઉર્ફે મયલો ઉર્ફે ઘુચરી બટુકભાઈ વાઘેલા હાજર નહિ મળી આવતા તેને આ કેસમાં વોન્ટેડ દર્શાવી પોલીસે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના ડોક્ટર સાથે ૪૮.૧૪ લાખની સાયબર ઠગાઈ, સ્ટોક એક્સચેન્જમાં રોકાણના નામે છેતરપિંડી

## ફેસબુકના ગ્રુપથી શરૂ થયેલ ફ્રોડ વ્હોટ્સએપ ગ્રૂપ સુધી પહોંચ્યું, સર્વિસ ટેક્ષના બહાને ડોક્ટરે મસમોટી રકમ ગુમાવી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના ડોક્ટરની ફેસબુક દ્વારા પરિચિત બનેલા વ્યક્તિઓએ સ્ટોક એક્સચેન્જમાં વધુ નફો કરાવવાની લાલચ આપી વ્હોટ્સએપ ગ્રૂપ મારફતે ૪૩.૫૫ લાખનું રોકાણ કરાવ્યું હતું. બાદમાં ''સર્વિસ ટેક્ષ''ના નામે રૂ. ૪.૫૯ લાખ વધારાની રકમ માગી, કુલ ૪૮.૧૪ લાખની સાયબર ઠગાઈ કરી હતી. હાલ સમગ્ર બનાવ મામલે પીડિત ડોક્ટર દ્વારા મોરબી સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મોરબી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાહીત વિગત મુજબ, ફરીયાદી ચેતનકુમાર લાભુભાઈ જાકાસણિયા ઉવ.૩૯ રહે. ઉમીયા પાર્ક સોસાયટી સરા રોડ હળવદ મૂળ રહે. હળવદ તાલુકાના રાણેકપર ગામના વતનીએ આરોપી (૧)ઈરીના ફેડોરોવા, (૨)દીપક મલ્હોત્રા, (૩)રોહીત (ગ્રૂપ એડમિન કસ્ટમર સર્વિસ), (૪)વ્હોટ્સએપ ગ્રૂપ ક્રીએટર તથા તેમના મળતીયા લોકો સામે ફરિયાદ નોંધાવી કે, ૧૮ ઓગસ્ટ ૨૦૨૫ થી ૦૩ ઓક્ટોબર ૨૦૨૫ દરમ્યાન થયેલી સાયબર ઠગાઈ અંગે ફરિયાદી ચેતનકુમાર ફેસબુક મેસેન્જર મારફતે ''ઈરીના ફેડોરોવા' નામની આઈડી સાથે પરિચિત થયા હતા. શરૂઆતમાં સામાન્ય વાતચીત બાદ આરોપી ઈરીનાએ તેમને સ્ટોક એક્સચેન્જમાં રોકાણ દ્વારા મોટી કમાણી થઈ શકે તેવી વાત કરી રસ જાગાવ્યો હતો. ત્યારબાદ તેની સાથે કાર્યરત દીપક મલ્હોત્રા, રોહીત (કસ્ટમર સર્વિસ) તથા વ્હોટ્સએપ ગ્રૂપ ક્રીએટર સહિતના લોકો સાથે ગુનાહીત કાવતરું રચ્યું હતું. આરોપીઓએ ''૯૬ '' નામનું એક વ્હોટ્સએપ ગ્રૂપ બનાવી ફરીયાદીને તેમાં એડ કરી, ગ્રૂપમાં આરોપી દીપક મલ્હોત્રાએ આકર્ષક નફાવ-ળી સ્કીમો સમજાવી, રોકાણ કરાવવાનું કહેતા ફરિયાદીએ વિવિધ બેંક એકાઉન્ટ નંબરો ઉપર કુલ રૂ. ૪૩,૫૫,૦૦૦/- મકલી રોકાણ કર્યું હતું.

જે બાદ ફરીયાદી જ્યારે પોતાની રકમ વિથડ્રો કરવા તૈયાર થયા ત્યારે આરોપી ગ્રૂપ એડમીન રોહીતે સર્વિસ ટેક્ષ ભરવો પડશે તેમ કહી વધારાની રૂ. ૪,૫૯,૦૦૦/- અલગ એકાઉન્ટમાં જમા કરાવવા કહ્યું. ફરીયાદી વિશ્વા-સમાં આવી રકમ જમા કરાવતા કુલ રૂ. ૪૮,૧૪,૦૦૦/-ની ઠગાઈ થયેલી હોવાનું બહાર આવ્યું છે. રોકાણ કરેલ રકમ કે તેનો નફો પરત ન મળતા ફરીયાદી ડોક્ટર ચેતનકુમારે મોરબી સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. હાલ મોરબી સાયબર ક્રાઇમ પોલીસે બીએનએસ તથા આઇટી એક્ટની વિવિધ કલમો હેઠળ તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. ત્યારે સાયબર ક્રાઇમ પોલીસ મથક પીઆઇ એન.એ.વસાવા દ્વારા સમગ્ર સાયબર ઠગાઈ અંગે તપાસ શરૂ કરી છે.

# પાક નુકસાન સહાયની અરજી માટે ખેડૂતો પાસેથી રૂ.૧૦૦ લેતા સુલતાનપુરના વી.સી.ઈ.ને તાત્કાલિક અસરથી છૂટા કરાયા

### તપાસ કરતા ફરિયાદ સાચી જણાતા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કડક કાર્યવાહી: ફોજદારી કાર્યવાહી હાથ ધરવા આદેશ કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં થોડા સમય અગાઉ પડેલા કમોસમી વરસાદ બાદ ગુજરાત સરકાર રૂ.૧૦ હજાર કરોડનું પાક નુકસાની સહાય પેકેજ જાહેર કરીને ખેડૂતોની વહારે આવી છે. આ સહાય માટે હાલ અરજીઓ કરવાની પ્રક્રિયા શરૂ છે. આ માટે ખેડૂતો પાસેથી એક પણ રૂપિયો લેવાનો નથી. અરજી માટે થતા ખર્ચના નાણા પણ ગુજરાત સરકાર ચૂકવે છે. જોકે ગોંડલના સુલતાનપુરમાં વી.સી.ઈ. (કમ્પ્યુટર ઓપરેટર) ખેડૂતો પાસેથી અરજી કરવા અરજી દીઠ રૂ. ૧૦૦ લેતા હોવાની બાબત સામે આવતા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તાત્કાલિક પગલા લેવામાં આવ્યા છે અને સંબંધિત વી.સી. ઈ. ને તાત્કાલિક અસરથી છૂટા કરવાનો આદેશ કરાયો છે. આ સાથે તેમની સામે ફોજદારી પગલાં લેવા પણ તેમણે નિર્દેશ આપ્યો છે.

નોંધનીય છે કે, કૃષિ રાહત પેકેજ-૨૦૨૫ અંતર્ગત સહાય મેળવવા માટે ખેડૂત ખાતેદારોએ વી.સી.ઇ. મારફત ઓનલાઈન અરજી કરવાની રહે છે. વી.સી.ઇ. ને ડેટા એન્ટ્રી માટે પ્રતિ અરજી દીઠ રૂ. ૨૦ રાજ્ય બજેટમાંથી ચૂકવવાનું ઠરાવવામાં આવ્યું છે. વી.સી.ઇ.એ લાભાર્થી પાસે સહાયની અરજી પેટે કોઈ પણ રકમની માગણી કરવાની રહેતી નથી. જો કોઈ આવી માગણી કરે તો તેની સામે કડક પગલાં લેવાનું પણ ઠરાવવામાં આવ્યું છે.

દરમિયાન ગોંડલ તાલુકાના સુલતાનપુર ગામના વી.સી.ઈ. શિવભાઈ માલાભાઈ ગોંડલીયા પાક નુકશાનીના વળતરના ફોર્મ ભરવા માટે, દરેક ફોર્મના રૂ.૧૦૦ લેતા હોવાની ફરિયાદ ઊઠી હતી. આ બાબત ધ્યાને આવતા જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ દ્વારા તપાસ કરાવવામાં આવી હતી. જો કે વી.સી. ઈ. અરજીઓ માટે નાણાં લેતા હોવાની માહિતી સાચી હોવાનું સામે આવતા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તેમને તાત્કાલિક છૂટા કરવાની કાર્યવાહી કરવાનો આદેશ ગોંડલ તાલુકા વિકાસ અધિકારીને કરવામાં આવ્યો છે. ઉપરાંત ગોંડલ તાલુકા વિકાસ અધિકારીને આ બાબતે નિયમોનુસારની ફોજદારી કાર્યવાહી કરવા પણ સૂચના આપવામાં આવી છે. આ સાથે આ પ્રકારની અરજીઓ કરવા માટે વી.સી. ઈએ કોઈ પ્રકારના નાણાં ખેડૂત ભાઈઓ પાસેથી લેવાના થતા નથી અને અન્ય તમામ સબંધીતોને પણ આવી પ્રવૃત્તિ નહિ કરવા કડક સૂચના પણ આપવામાં આવી છે.

# ભારતીય સંગીતને વિશ્વના ખૂણે ખૂણે પહોંચાડવાનો આનંદ: બોલિવુડ સિંગર સચેત-પરંપરા

### આજે રાત્રીના ૮ કલાકે રમેશ પારેખ રંગદર્શન રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે બોલિવુડ મ્યુઝીકલ નાઈટનું આયોજન: શહેરીજનોને પધારવા મહાનગરપાલિકાના પદાધિકારીઓનું આમંત્રણ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતીય સંગીત મીઠું અને મધુરુ છે. જેને દેશમાં અને વિશ્વના ખુણે ખુણે પહોંચાડવાનો અમોને આનંદ છે. આ વાત આજે રાજકોટની મુલાકાતે આવેલા અને મનપાની સ્થાપનાની ૫૨મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે રેસકોર્ષ ખાતે પોતાના જાદુભર્યા અવાજમાં ગીતો પીરસનાર બોલિવુડની જાણીતી યુવા સીંગર જોડી સચેત અને પરંપરાએ કરી હતી.

આજે મહાપાલિકાના સ્થાપનાદિવસ નીમિતે રંગીલા રાજકોટવાસીઓ માટે રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે રાત્રીના ૮ કલાકે બોલિવુડ મ્યુઝીકલ નાઈટનો કાર્યક્રમ યોજાવાનો છે. જેમાં ભાગ લેવા આવેલા બોલિવુડના પ્રખ્યાત સીંગરો સચેત અને પરંપરાએ ગર્જુઓના વખાણ કરતા જણાવ્યું કે, સમગ્ર દેશમાં ગુજરાતી વ્યંજનોમાં જેવી મીઠાસ છે તેવી જ મીઠાસ પ્રત્યક ગુજરાતીઓમાં છે. તેઓએ જણાવ્યું કે, સંગીત કયારેય નવું-જુનુ હોતું નથી. ફકત સમય પ્રમાણે તેમાં ફેરફાર થાય છે. આજે રાજકોટવાસીઓ સમક્ષ અમોને જુદા-જુદા ગીતો ગાવાનો મોકો મળશે તે અમારૂ શૌભગ્ય છે. તેવું જણાવતા પરંપરાએ કહ્યું કે, અમો અમારૂ ૨૦૦ ટકા પર્ફોમન્સ આપી લોકોના દિલ જીતી લેશું. ખાસ કરીને કાર્યક્રમની શરૂઆત કાળભૈરવ સ્ત્રોત્રથી શરૂ કરાશે. બાદમાં જા રાંઝણ રાંઝણ, સૈયારાનું હમસફર, શિવ તાંડવ, આદિપુરૂષનું રામ સીયા રામ જેવા લોકપ્રિય ગાઈ ઠંડીમાં લોકોને ડોલાવી દેશે.

# ૬૮ રાજકોટ વિધાનસભા મતવિસ્તારમાં યોજાયેલી એકતા પદયાત્રામાં બહોળી સંખ્યામાં નાગરિકો ઉત્સાહભેર જોડાયા

### શ્રી સરદાર પટેલના મૂર્તિમંત કરાયેલા એકતા, અખંડિતતા અને રાષ્ટ્રસેવાના મૂલ્યોને જીવનમાં ઉતારવા અનુરોધ કરતા સાંસદ પુરુષોતમભાઈ રૂપાલા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરદાર પટેલની ૧૫૦ મી જન્મ જયંતી નિમિત્તે ૬૮ રાજકોટ(પૂર્વ) વિધાનસભા મતવિસ્તારમાં એકતા પદયાત્રા યોજાઈ હતી. આ પદયાત્રાનું પ્રસ્થાન મોરબી રોડ, જકાતનાકાથી મેયર નયનાબેન પેઢડિયા, સાંસદ પુરુષોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ઉદય કાનગડ અને દર્શિતાબેન શાહની ઉપસ્થિતિ-માં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ પુરુષોતમભાઈ રૂપાલાએ શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, વિકસિત ભારતના સપનાને સાકાર કરવા માટે સૌએ એક બનીને આગળ વધવું પડશે. અખંડ ભારતના ઘડવૈયા શ્રી સરદાર પટેલે સમગ્ર ભારતને એક કરીને એકતાનો સંદેશ આપ્યો હતો ત્યારે દરેક નાગરિકે એકતા, અખંડિતતા અને રાષ્ટ્રસેવાના મૂલ્યોને જીવનમાં ઉતારવા જોઈએ.

ધારાસભ્ય ઉદય કાનગડે જણાવ્યું હતું કે, વડાપ્રધાનએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'ના નિર્માણ થકી સરદાર પટેલને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ આપી છે. વધુમાં તેમણે વિકસિત ભારતના સપનાને સાકાર કરવા સ્વદેશીને પ્રાધાન્ય આપવા પર ભાર મૂક્યો હતો. તેઓએ લોખંડી પુરુષના વિચારોને જન જન સુધી પહોંચાડવા આહ્વાન કર્યું હતું.

મહાનુભાવો દ્વારા સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર પહેરાવી યાત્રાનું પ્રસ્થાન કરાવાયું હતું, મોરબી રોડ જકાતનાકા- ધોળકિયા સ્કૂલ થી થઈને ડી-માર્ટ ચોક (કુવાડવા રોડ) - સેટેલાઈટ ચોક (પેડક રોડ) થી થઈને બાલક હનુમાન ચોક- જલગંગા ચોક( સંતકબીર રોડ) થી થઈને ભાવનગર રોડ કોર્નર - પટેલ વાડી (ભાવનગર રોડ) ખાતે સમાપન કરવામાં આવ્યું હતું. સમાપન વેળાએ સર્વે ઉપસ્થિતોએ સ્વદેશીના શપથ ગ્રહણ કર્યા હતા.

આ પ્રસંગે અગ્રણી માધવ દવે, પૂર્વ ધારાસભ્ય ટપુભાઈ લીંબસિયા, પ્રયાસ સંસ્થાના અગ્રણી પૂજા પટેલ, નિવાસી અધિક કલેકટર એ.કે. ગૌતમ, રમત અધિકારી (શહેર) વી. પી.જાડેજા, રમત અધિકારી (ગ્રામ્ય) રમા મદ્રા, પુરવઠા અધિકારી અજય ઝાપડા, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરા સહિતના અધિકારી કર્મચારીઓ તથા શાળાના વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લામાં જસદણ ખાતે કિશોરી મેળો યોજાયો ૧૦૦ જેટલી કિશોરીઓને હાઈજીન કીટનું વિતરણ કરાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, રાજકોટ દ્વારા ભારત સરકારની મિશન શક્તિ યોજના હેઠળ કાર્યરત ''સંકલ્પ District Hub for Empowerment of Women (DHEW)'' યોજના અંતર્ગત દીકરીઓના આરોગ્ય, સ્વચ્છતા અને સશક્તિકરણને કેન્દ્રમાં રાખી ''કિશોરી મેળા'' નું આયોજન જસદણ સ્થિત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન મહિલા અને બાળ અધિકારીજનકસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ અને શિક્ષણ વિભાગના સક્રિય સહયોગથી સફળતાપૂર્વક યોજાયું હતું. RBSK ટીમ જસદણના મેડિકલ ઓફિસર શીતલ મેણીયા, ફાર્માસીસ્ટ, ફીમેલ હેલ્થ વર્કર તથા આશા વર્કરની ટીમે ૧૦૦ દીકરીઓના વજન, ઊંચાઈ, હિમોગ્લોબિન ચેક તથા BMI માપ્યુ હતું તેમજ સ્થળ ઉપર જ જરૂરી દવાઓ પણ આપવામાં આવી હતી.

DHEW ટીમ દ્વારા માસિક સ્ત્રાવ અંગે વૈજ્ઞાનિક સમજ, શારીરિક પરિવર્તનો અને સ્વચ્છતાની મહત્તા અંગે વિડિયો દ્વારા સરળ અને અસરકારક સમજૂતી આપવામાં આવી. આ માર્ગદર્શન દીકરીઓમાં આત્મવિશ્વાસ સાથે પોતાની સ્વચ્છતા જાળવવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે. કાર્યક્રમ દરમિયાન ''બેટી બચાઓ બેટી પઢાઓ'' યોજના હેઠળ ૧૦૦ કિશોરીઓને હાઈજીન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આ પ્રસંગે ડીસ્ટ્રીકટ મિશન કો ઓર્ડીનેટર જેવીના માણાવદરીયા, શાળાના પ્રિન્સિપાલ, શિક્ષકો અને વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સમાચાર સંક્ષીપ્તમાં

### વાંકાનેર સરતાનપર ગામ નજીક બાઈક ઉપર વિદેશી દારૂ લઈને નીકળેલ શખ્સ ઝડપાયો

વાંકાનેર તાલુકાના સરતાનપર થી પાનેલી ગામ જવાના રસ્તે પોલીસ ટીમ વાહન ચેકીંગ કરતા હોય તે દરમિયાન સરતાનપર ગામ તરફથી આવતા હીરો સ્પ્લેન્ડર પ્લસ રજી.ન. જીજે-૩૬-એએન-૪૫૮૭ ને રોકી બાઈક ચાલકની તલાસી લેતા તેના પાસેથી વિદેશી દારૂ રોયલ સ્ટગની બે બોટલ કિ.રૂ.૨,૬૦૦/-મળી આવી હતી.

જેથી તુરંત આરોપી વિપુલભાઈ બચુભાઈ બલોધરા ઉવ.૩૦ રહે. હાલ રફાળેશ્વર મૂળરહે.નવી જોગડ ગામ તા.હળવદ વાળાની વાંકાનેર તાલુકા પોલીસે અટકાયત કરી મોટર સાયકલ સહિત કુલ રૂ.૩૨,૬૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબી સર્કિટ હાઉસ નજીક જાહેરમાં વર્લીના આંકડાનો જુગાર રમતા એકની અટક

મોરબી-૨ સર્કિટ હાઉસના સામેના ભાગે વિદ્યુતનગરના ઢાળીયા પાસે રોડ ઉપર વર્લી ફિચર્સના આંકડાઓ ઉપર પૈસાની હારજીતનો નસીબ આધારિત જુગાર રમતા વિનોદભાઈ મનુભાઈ વરાણીયા ઉવ.૩૭ રહે.ગાયત્રીનગર સોસાયટી શિવમ હોસ્પિટલ પાછળ મોરબી-૨ વાળાની અટક કરી છે, હાલ બી ડિવિઝન પોલીસે આરોપી પાસેથી ૬૦૦/- રોકડા તથા વર્લીના આંકડાનો જુગાર રમવાના સાહિત્ય સહિતનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબીની વાવડી ચોકડી નજીક વિદેશી દારૂના બે ચપલા સાથે એક પકડાયો, સપ્લાયરની શોધખોળ

મોરબી સીટી એ ડિવિઝન પોલુસ ટીમ પેટ્રોલિંગના હોય તે દરમિયાન વાવડી ચોકડી નજીક શંકાસ્પદ હાલતમાં પ્લાસ્ટિકનું ઝબલુ લઈને ઉભેલ આરોપી નિતેશભાઈ અરવિંદભાઈ કણજારીયા ઉવ.૩૨ રહે.રંગાણી વાડી વાવડી ચોકડી મોરબી વાળાને રોકી તેની પાસે રહેલ થેલીની તલાસી લેતા તેમાથી વિદેશી દારૂ રોયલ સ્ટગની ૧૮૦મીલી.ની ૨ નંગ બોટલ કિ.રૂ.૧,૦૪૦/-મળી આવતા તુરંત આરોપીની અટક કરી હતી. પકડાયેલ આરોપીની સઘન પૂછપરછમાં આ વિદેશી દારૂ આપનાર આરોપી કિશન ઉર્ફે છોટુ ડાભી પાસેથી મેળવ્યો હોવાની કબુલાત આપતા, પોલીસે તેને ફરાર દર્શાવી બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબી કબીર ટેકરી નજીક વિદેશી દારૂની બે બોટલ પકડાઈ, આરોપી નાસી ગયો

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પૂર્વ બાતમીને આધારે કબીર ટેકરી શેરી નં.૩ માં રેઈડ કરવા ગયા ત્યારે પોલીસને દૂરથી આવતા જોઈ બુટલેગર થેલીમાં દારૂની બે બોટલ મૂકીને ગલ્લી-ખાચાનો લાભ લઈને નાસી છૂટ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી શહેર પોલીસને બાતમી મળી કે, અરવિંદ બાટી કબીર ટેકરી વિસ્તારમાં શેરી નં ૩ નજીક વિદેશી દારૂની હેરાફેરી કરતો હોય, જેથી તુરંત બાતમી મુજબની જગ્યાએ રેઈડ કરતા, જ્યાં પોલીસને આવતા જોઈ ઉપરોક્ત આરોપી પોતાના પાસે રહેલ થેલી મુકીને નાસી ગયો હતો. ત્યારે પોલીસે થેલીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારુ ઓલ્ડ મંક રમની બે બોટલ કિ.રૂ.૧,૨૯૬/-મળી આવી હતી. જેથી પોલીસે આરોપી અરવિંદ દાદુભાઈ બાટી રહે.મોરબી વાળા સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# હળવદ ઈલેક્ટ્રિક ટાવર પોલના કામ દરમિયાન થયેલ ગંભીર ઈજામાં શ્રમિકનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ કોઈબા રોડ સીમ વિસ્તારમાં ટાટા કંપનીના ઈલેક્ટ્રિક ટાવર પોલ મંડાવવાના કામ દરમિયાન વેસ્ટ બંગાળના શ્રમિકને ડેરીક પોલનો પાછળથી ધક્કો વાગતા ગંભીર ઈજા થઈ હતી. જેથી તેમને હળવદ, મોરબી બાદ રાજકોટ ખાનગી હોસ્પિટલમાં લાવતા જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

હળવદ પોલીસ સ્ટેશનમાં જાહેર કરનાર મૃતકના નાનાભાઈ ભરતભાઈ મનીભાઈ બાસકે પોલુસની આપેલ વિગતો અનુસાર મરણ જનાર પોતાનો ભાઈ તીનકરી મનીભાઈ બાસક ઉવ ૩૩ રહે. વેસ્ટ બંગાળના વતની અને હળવદ કોઈબા રોડ સીમ વિસ્તારમાં રહેતા હતા. ત્યારે તા. ૨૪/૧૦/૨૫ ની સાંજે ટાટા કંપનીના ઈલેક્ટ્રિક ટાવર પોલ મંડાવવાનું કામ કરી રહ્યા હતા. આ કામગીરી દરમિયાન ડેરીક પોલનો પાછળથી ધક્કો વાગતા સળિયો તેમનાં પેટના ભાગે નાભી અને ગુપ્તાંગ વચ્ચે ગંભીર રીતે વાગ્યો હતો. જેથી ઈજાગ્રસ્ત તીનકરી બાસકને તાત્કાલિક હળવદની શ્રીજી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર માટે લઈ જવામાં આવ્યા બાદમાં તેમની સ્થિતિ નાજુક બનતા મોરબીમાં ક્રિષ્ના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા જ્યાંથી વધુ સારવાર માટે રાજકોટ વોકહાર્ટ હોસ્પિટલમાં દાખલ કરાયા, જ્યાં સારવાર દરમિયાન તા. ૨૬/૧૦/૨૦૨૫ ના રોજ સવારે ફરજ પરના ડૉક્ટર દ્વારા તીનકરી બાસકને મૃત જાહેર કર્યા હતા. હાલ હળવદ પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# હળવદના સુસવાવ ગામે નર્મદા કેનાલ ઉપર પિયત માટે રાખેલ ૧૨ ઈલેક્ટ્રિક મોટરની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના સુસવાવ ગામની ગોરાસરી સીમમાં નર્મદા કેનાલ પર મૂકેલી પિયતની ૧૨ ઈલેક્ટ્રિક મોટરો એક જ રાત્રીના સમયગાળા દરમિયાન અજાણ્યા ચોરો દ્વારા ચોરી કરીને લઈ જવામાં આવી છે. ઘટનામાં ઈશ્વરનગર તથા સુસવ-ાવના કુલ ૧૨ ખેડુતોને રૂ.૨,૨૫,૦૦૦/- જેટલું નુકસાન થયું છે. હાલ ચોરીની ઘટનાને લઈને બે ખેડૂત દ્વારા હળવદ પોલીસ મથકમાં અલગ અલગ બે ફરિયાદમાં આરોપી અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે તપાસની તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર, હળવદ તાલુકાના ઈશ્વરનગર ગામના ખેડૂત લાલજીભાઈ પ્રેમજીભાઈ માકાસણા ઉવ.૬૫ તથા સુસવાવ ગામે રહેતા વિનોદભાઈ શામજીભાઈ સોનગ્રા દ્વારા હળવદ પોલીસ મથકમાં અલગ અલગ બે ફરીયાદ નોંધાવવ-ામાં આવી છે. જેમાં જણાવ્યા મુજબ, સુસવાવ ગામની ગોરાસરી કહેવાતી સીમમાં ધાંગધ્રા બ્રાંચ નર્મદા કેનાલ ઉપર લગાવવામાં આવેલ અલગ અલગ ખેડૂતોની કુલ ૧૨ ઈલેકટ્રીક મોટર(દેડકો) તા.૧૩/૧૧ ની સાંજથી તા. ૧૪/૧૧ની સવાર સુધીમાં કોઈ અજાણ્યા ચોર ઇસમ ચોરી કરી લઈ ગયા હતા. હાલ હળવદ પોલીસે કુલ ૧૨ ઈલેકટ્રીક મોટરો કિ.રૂ.૨,૨૫,૦૦૦/-ની ચોરી અંગે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી આરોપીઓને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# અંગ્રેજીના લેકચરથી કંટાળી કોલેજીયન વિદ્યાર્થીનો ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હોસ્ટેલમાં ભરેલું પગલું: તબિયત લથડતા સારવાર અર્થે ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મૂળ સુરેન્દ્રનગર પંથકના હાલ શહેરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહેતા અને ફાર્મસીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ અંગ્રેજીના લેકચરથી કંટાળી જઈ હોસ્ટેલમાં જ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. વિદ્યાર્થીની તબીયત લથડતા તાકિદે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.બનાવના પગલે યુનિ. પોલીસે છાત્રનું નિવેદન નોંધી કાર્યવાહી કરી છે.

શહેરની યુનિવર્સિટીની સરકારી હોસ્ટેલમાં રહેતા નિતેશકુમાર કાંતિભાઈ મકવાણા ઉ.૧૮ નામના વિદ્યાર્થીએ સાંજના છ વાગ્યા આસપાસ હોસ્ટેલમાં હતો.ત્યારે ફિનાઈલ પી લેતા તબીયત લથડી હોવાથી તાકિદે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી યુનિ.પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી જઈ કાર્યવાહી કરી હતી. પ્રાથમિક તપાસમાં વિદ્યાર્થી મૂળ સુરેન્દ્રનગરના મીઠાકોટા ગામનો વતની છે અને બે ભાઈ અને બે બહેનમાં નાનો છે. તે જે.કે.કામદાર કોલેજના ફાર્મસીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. અંગ્રેજીના લેકચરથી કંટાળો આવતો હોવાથી ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જણાવતા પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી છે.

# હળવદ કોંગ્રેસમાં ગાબડું: દિગ્ગજ ક્ષત્રિય આગેવાન તેમજ તાલુકા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જટુભા ઝાલાએ કેસરિયો ધારણ કર્યો

### પ્રદેશ ઉપાધ્યક્ષ જયંતીભાઈ કવાડિયા અને સાંસદ ચંદુભાઈ શિહોરાના હસ્તે ભાજપમાં પ્રવેશ

**મુખ્ય સમાચાર, હળવદ**
**અહેવાલ - રમેશ ઠાકોર**

આજ રોજ હળવદ તાલુકા ના ખોડ ગામ ના વતની અને બે ટર્મ તાલુકા પંચાયત ના સભ્ય, પૂર્વ ઉપપ્રમુખ તાલુકા પંચાયત હળવદ, હળવદ તાલુકા કોંગ્રેસ ના પૂર્વ પ્રમુખ સહિત ૨૫ વર્ષ સુધી ખોડ ગ્રામ પંચાયત માં સરપંચ જેમાં ૨ ટર્મ બિનહરીફ સરપંચ તરીકે પોતાની અવિરત સેવા આપી અને રણકાંઠા અને છેવાડા ના લોકો ની વચ્ચે રહી સતત લોકો ના નાના મોટા કામ કરતા સાચા અર્થ માં લોક સેવક જટુભા ઝાલા એ પોતાના વિસ્તાર માં વધુ સારી રીતે વિકાસ ના કાર્યો અને લોકો ના કામ કરી શકાય તેવા શુભ આશય થી આજ રોજ વિશ્વ ની સૌથી મોટી પાર્ટી અને રાષ્ટ્રવાદ - અંત્યોદય ની વિચારધારા ધરાવતી ભારતીય જનતા પાર્ટી માં વિધિવત પ્રવેશ કર્યો હતો આ તકે પ્રદેશ ઉપાધ્યક્ષ જયંતીભાઈ કવાડિયા, સાંસદ ચંદુભાઈ



શિહોરા, રણછોડભાઈ દલવાડી, પરસોતમભાઈ સાબરિયા, રજનીભાઈ સંઘાણી, ભરતભાઈ દલવાડી સહિત ભારતીય જનતા પાર્ટી ના અગ્રણીઓ ના હસ્તે કેસરિયો ખેસ ધારણ કર્યો હતો.

# જામનગરના ધ્રોલ નજીક બસ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત: ૧૭થી વધુ મુસાફરો ઘાયલ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ નજીક આવેલ સરમારીયા દાદાની જગ્યા પાસે આજે સવારના સમયગાળા દરમિયાન ખાનગી બસ અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં અંદાજે ૧૭ જેટલા લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો અને માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો સ્થળ પર દોડી આવ્યા હતા. બાદમાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધ્રોલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતા જ ધ્રોલ પોલીસ મથકનો સ્ટાફ સ્થળ પર પહોંચી ગયો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.







MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રેલનગરમાં અમી રેસીડન્સી ફ્લેટમાં જુગાર રમતી બે મહિલા સહિત નવ પત્તાપ્રેમી ઝડપાયા

## તથ્ય બંગ્લોઝમાં મહિલા સંચાલીત જુગાર ધામ ઝડપાયુંઃ ત્રણ મહિલા, બે પુરૂષ પકડાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રેલનગર વિસ્તારમાં આવેલ અમી રેસીડન્સી અને તથ્ય બંગ્લોઝમાં પોલીસે અલગ-અલગ બે દરોડા પાડી જુગાર રમતી પાંચ મહિલા સહિત ૧૪ પત્તાપ્રેમીની દબોચી લઇ અડધા લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પ્રથમ બનાવમાં ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલાની સુચનાથી હેડ કોન્સ. રાહુલભાઇ ગોહેલ તથા અંકિતભાઇ નિમાવત સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, રેલનગરમાં આવેલ અમી રેસીડન્સી બ્લોક નંબર ૩૪માં રહેતો અશોકસિંહ ખુમાણસિંહ જાડેજા નામનો શખ્સ બહારથી માણસો બોલાવી જુગારના સાધનો પુરા પાડી જુગારનો અખાડો ચલાવતો હોવાની હકીકતના આધારે પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા જુગાર રમાડતો અશોકસિંહ જાડેજા, જુગાર રમવા આવેલો સેફુદીન મહમ્મદ અલી ભારમલ (રહે. ભગવતીપરા, સુખસાગર હોલની બાજુમાં, સમન્વય હાઇટ્સ), રાવત કરશન ડવ (રહે.ખોડીયારપરા, આજીવસાહત, ૮૦ ફૂટ રોડ), સપના પરબત બઉ (રહે.હુડકો ચોકડી, નાલોદાનગર), ગીતા દિપેન સિધ્ધપુરા (રહે.સહકાર સોસાયટી), ભાવેશ જેન્તી જોબનપુત્રા (રહે.કેવડાવાડી), પ્રકાશ ગાંડાલાલ મહેતા (રહે.આસ્થા સગરીલા સોસાયટી, માધાપર બાયપાસ), રાજેશ કિશોર વાગડીયા (રહે.જયરાજ પ્લોટ, પેલેસ રોડ), વિરેન્દ્રસિંહ કાળભા જાડેજા (રહે. ખંઢેરી ગામ) સહિત નવ શખ્સોને દબોચી લઇ રોકડ તથા મોબાઇલ મળી કુલ રૂ.૨૫૬૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બીજા દરોડામાં પ્ર.નગર પોલીસના પોલીસના પીએસઆઇ જે.બી.રાણીંગા, કોન્સ. જયપાલસિંહ સહિતના સ્ટાફે રેલનગરમાં આવેલ તથ્ય બંગ્લોઝ બ્લોક નં.૨માં રહેતી નંદા સુધીરકુમાર ગાવડેના રહેણાંક મકાનમાં દરોડો પાડતા જુગાર રમતી નંદા ગાવડે, નીમુ ભાણજી કોરીયા (રહે.ઉધમસિંહ ટાઉનશીપ કુવાડવા રોડ), સબાના અદ્રેમાન સિરમાન, અનીલ રામજી પરમાર (રહે.સીટી સ્ટેશન મોરબી રોડ, ગણેશનગર), વિનુ દેવજી ચૌહાણ (રહે.ભગવતીપરા) સહિત પાંચ પત્તાપ્રેમીઓને દબોચી લઇ રોકડ અને મોબાઇ સહિત કુલ રૂ.૩૭૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

# રાજકોટ જીલ્લામાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરનાર ૯૭૧ શખ્સોની કરમ કુંડળી તૈયાર કરાઇ

## NDPSના ૩૪૧, હથીયારના ૫૦૨, એક્સપ્લોઝીવના ૯૬, પેટ્રોલિયમ ચોરીના ૧૭ અને નકલી ચલણી નોટના ૧૫ આરોપીના આશ્રય સ્થાને પોલીસ દોડી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિલ્લીમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ બાદ દેશભરની તમામ સુરક્ષા એજન્સી સતર્ક થઈ છે અને ગુજરાત પોલીસ પણ એલર્ટ મોડમાં આવી છે અને ૩૦ વર્ષમાં ગુના આચરનાર રાષ્ટ્ર વિરોધી તત્વોની કરમ કુંડળી ૧૦૦ કલાકમાં તૈયાર કરવાનો આદેશ રાજ્ય પોલીસ વડા દ્વારા તમામ પોલીસને આપવામાં આવ્યો છે. જે અનુસંધાને રાજકોટ ગ્રામ્ય પોલીસ પણ દોડી છે અને રાષ્ટ્ર વિરોધી ગુના આચરનાર ૯૭૧ તત્વોની કરમ કુંડળી તૈયાર કરી છે.

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે રાજ્યના તમામ પોલીસ કમિશ્નર, જિલ્લા પોલીસ વડા સાથે ગઈકાલે વિડીયો કોન્ફરન્સથી છેલ્લા ૩૦ વર્ષમાં રાષ્ટ્ર વિરોધો પ્રવૃત્તિ કરનાર તત્વોની યાદી તૈયાર કરી ડોઝિયર ભરવાની સૂચના આપવામાં આવી હતી.

જે બાદ ડીજીપીએ જણાવ્યું હતું કે, ૮ નવેમ્બરના ગુજરાત એટીએસ દ્વારા ત્રણ રાષ્ટ્ર વિરોધી તત્વોને હથિયારો સાથે પકડી પાડવામાં આવ્યાં હતાં. જે બાદ ફરીદાબાદમાં પણ પોલીસે ઓપરેશન હાથ ધરી કાર્યવાહી કરી હતી.

દરમિયાન બીજા જ દિવસે આતંકવાદી દ્વારા દિલ્લીમાં કાર બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. જે ગંભીર પ્રકારના બનાવથી રાજ્ય પોલીસ એલર્ટ થઈ હતી અને રાજ્યની તમામ પોલીસ મથકના થાણાં અધિકારીને સૂચના અપાઈ છે કે, છેલ્લા ૩૦ વર્ષમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરી ગુના આચરનાર શખ્સોની ૧૦૦ કલાકમાં કરમ કુંડળી કાઢી ડોઝિયર ભરી તેમનો હિલચાલ પર નજર રાખવાની સખત સૂચના અપાઈ છે.

ડિજીપીની સૂચના બાદ રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા રાજકોટ ગ્રામ્ય તમામ પોલીસને છેલ્લા ૩૦ વર્ષમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરનાર શખ્સોના ઘરે દોડાવી હતી અને ગઈકાલથી જ તપાસ આદરી હતી.

જે આરોપીઓ નકલી ચલણી નોટ, એનડીપીએસ, આર્મ્સ એકટ સહિતના ગુનાહિત ઈતિહાસ ધરાવે છે તેમના આશ્રય સ્થાને પોલીસ પહોંચી હતી અને છેલ્લા ૩૦ વર્ષમાં ગુના આચરનાર શખ્સનું હાલનું સરનામું, તેમનો પરીવાર, કામ ધંધો, અન્ય આર્થીક સ્ત્રોત સહિતના મુદાની સઘન તપાસ કરી ડોઝિયર ભરાશે અને તેની તમામ હિલચાલ પર નજર રાખવામાં આવશે.

તેમજ આરોપીના સોશિયલ મીડિયા એકાઉન્ટની વિગતો મેળવશે તેમજ ઈ-મેઈલ, બેંક ડિટેલ સહિતની વિગતની પણ તપાસ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, એનડીપીએસના ૧૯૩ કેસમાં ૩૪૧ આરોપી, હથિયાર ધારાના ૩૨૧ કેશમાં ૫૦૨ આરોપી, એક્ષપ્લોઝીવ એક્ટના ૩૫ કેશના ૯૬ આરોપી, પેટ્રોલિયમ ચોરીના ૩ કેસમાં ૧૭ આરોપી અને બનાવટી ચલણી નોટના ૬ કેશમાં ૧૫ આરોપીની હજું પણ તપાસ ચાલું રહી છે.

# ગ્રીનલેન્ડ ચોકડી પાસે ખેતલા આપા મંદિરમાં મહંત આંધળી ચાકળ સાથે પકડાયો

## અંધશ્રદ્ધા માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાની આશંકાઃ ઘણા લાંબા સમયથી આંધળી ચાકળને કેદ રાખી'તી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ચોક્કસ બાતમીના આધારે રાજકોટની ભાગોળે જૂના માર્કેટિંગ યાર્ડથી ગ્રીનલેન્ડ ચોકડી તરફ જતા રસ્તે આવેલા ખેતલા આપાના મંદિરે દરોડો પાડી નર અને માદા આંધળી ચાકળ તેમજ તેના થોકબંધ બચ્ચાઓ સહિત કુલ બાવન જીવ સાથે મંદિરના મહંતને ઝડપી લઈ ભારતીય વન્ય પ્રાણી સંરક્ષણની કલમો હેઠળ કાર્યવાહી કરી હતી.

રેન્જ ફોરેસ્ટ ઓફિસર રાજકોટ (ઉત્તર)ના વિક્રમસિંહ આર. પરમાર, રેન્જ ફોરેસ્ટ ઓફિસર રાજકોટ (દક્ષિણ) તેમજ વાઈલ્ડ લાઈફ વોર્ડન એચ.બી.મોકરિયા સહિતની વન વિભાગની ટીમને બાતમી મળી હતી કે ઉપરોક્ત મંદિરનો મહંત મનુભાઈ મણીરામ દૂધરેજીયા કે જે મંદિરમાં પૂજા કરે છે તેણે મંદિરની અંદર શુમ્ન કોમન સેન્ડ બોયા (આંધળી ચાકળ)ન બાવન નાના-મોટા જીવને 'કેદ' કરીને રાખ્યા છે. ટીમે મંદિરમાં દરોડો પાડી તપાસ કરતાં અંદરથી આંધળી ચાકળનો મોટો જથ્થો મળી આવતા મહંત મનુ મણીરામ દુધરેજીયાની ધરપકડ કરવામાં આવી હતી અને તેના પાસે આટલી સંખ્યામાં આંધળી ચાકળ ક્યાંથી આવી તે સહિતના મુદ્દે પૂછપરછ શરૂ કરાઈ કરાઈ હતી. પ્રારંભિક તપાસમાં ખુલ્યા પ્રમાણે માણે મહંત દ્વારા આ આંધળી ચાકળનો ઉપયોગ અંધશ્રદ્ધા માટે કરવામાં આવી રહ્યો હતો અને તે ઘણા લાંબા સમયથી ચાકળને કેદ કરીને બેઠો હતો.

# રાજકોટના વોર્ડ નં.૧૩માં વોટર વર્કસના આસી. ઈજનેર અને કોર્પોરેટર વચ્ચે જામી પડી

## પાણીની લાઈન મામલે માથાકૂટમાં ભાજપ કોર્પોરેટર નીતિન રામાણીએ ઈજનેરને ફડાકા ઝીંકયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના વોર્ડ નં.૧૩માં વોટર વર્કસની કામગીરી સંભાળતા મદદનીશ ઈજનેરને કોર્પોરેટર નીતિન રામાણી અને સાથી કોર્પોરેટરના પરિવારજનોએ મળીને માર માર્યાની વિગતો ચર્ચાઈ રહી છે જો કે, કોર્પોરેટર રામાણીએ માર માર્યાનો ઈન્કાર કરતા કહ્યું છે કે અમે ઈજનેર ગોહેલને બોલાવીને કડક ઠપકો આપ્યો હતો.

અગાઉ પણ કર્મચારી સાથે માથાકુટ અને ફડાકાબાજી કરી રહેલા કોર્પોરેટર રામાણીએ કહયું હતું કે, મારા વિસ્તારના લોકો હેરાન થતા હોય મારી પાસે રજૂઆત આવતા કાલે અમે ગરબી ચોક પાસે ઈજનેર ગોહેલને બોલાવ્યા હતા અને લાઈન લિકેજ

તેમજ અન્ય ફરિયાદો અંગે લોકોની રજૂઆતો જણાવીને તાકિદથી તેના નિકાલ માટે કાર્યવાહી કરવા જણાવાયું હતું. આ ઈજનેરને અમે પાંચ દિવસથી બોલાવતા હતા પણ તે વિસ્તારમાં ન આવતા કડક ઠપકો પણ આપવામાં આવ્યો હતો. આ મામલે ઈજનેર ગોહિલનો સંપર્ક સાધવા પ્રયાસ થયો હતો પણ તે થઈ શકયો ન હતો. મનપાના ઈજનેરી વર્તુળોએ પણ આવા બનાવ અંગે કોઈ જાણકારી ન હોવાનું જણાવ્યું હતું. જો કે, બનાવ વખતે હાજર રહેલા અને બાદમાં બનેલી ઘટનાઓમાં સાક્ષી રહેલા એક વ્યક્તિએ કહયું હતું કે, ઈજનેરને બરાબર ઠપકો આપવામાં આવ્યો છે અને ધક્કા પણ મારવામાં આવ્યા હતા. કોર્પોરેટર અને તેની સાથે રહેલાઓએ ઝપાઝપી પણ કરી હતી. બાદમાં મનપાના ઉચ્ચ અધિકારીઓ પણ આવ્યા હતા અને મામલો થાળે પાડી દેવાયો હતો.

# બિહારમાંથી સગીરાનું અપહરણ કરી આરોપીએ શાપરમાં આશરો લીધો

## શાપર અને બિહાર પોલીસે મળી ભોગ બનનારને શોધી કાઢી આરોપીની ધરપકડ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બિહારથી સગીરાનું લગ્નની લાલચે અપહરણ કરી આરોપી શાપરમાં રહી મજૂરી કરવાં લાગ્યો હતો. જે મામલે બિહાર પોલીસમાં ગુનો નોંધાયા બાદ શાપર અને બિહાર પોલીસે મળી ભોગ બનનારને શોધી કાઢી આરોપીની ધરપકડ કરી હતી.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા શરીર સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ શરીર સબંધી ગુનાના કામે નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવાની આપેલ સુચનાથી ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ શાપર પોલીસ મથકના પીઆઈ આર.બી.રાણાની રાહબરીમાં અપહરણ ગુમથયેલ / ભોગબનનાર



/નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા અલગ અલગ ટીમ બનાવી સ્ટાફ તપાસમાં હતો.

ત્યારે દાઉદનગર પોલીસ મથકના સ્ટાફ સાથે પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન બાતમીના આધારે બીહારના ઓરંગાબાદના દાઉદનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અપહરણના ગુનામાં નાસતો ફરતો આરોપી રાજાકુમાર નરેશરામ (ઉ.વ.૧૯, રહે.દાઉદનગર પંચકઠવા મંદીર વોર્ડ નં-૦૧ દાઉદનગર, ઓરંગાબાદ (બીહાર ) તથા ભોગબનનારને શાપર (વે.) કીશાન ગેઈટ અંદર થી પકડી પાડયાં હતાં.

પોલીસે આરોપીની પુછપરછ કરતા પોતે ત્રણેક માસ પહેલા બીહારના ઓરંગાબાદમાં રહેતી ભોગબનનાર સાથે પ્રેમસંબંધ હોય જેથી તેને લગ્નની લાલચ આપી ભગાડીને લઈ આવેલની કબુલાત આપી હતી. શાપર પોલીસે ભોગ બનનાર અને આરોપીને દાઉદનગર પોલીસને સોપી કાર્યવાહી કરી હતી.

# માધાપર ચોકડી પાસે ફર્નીચરના શોરૂમમાં વેપારીનો ગળાફાંસો ખાઇ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-જામનગર રોડ પર આવેલ માધાપર ચોકડી પાસે આર.કે.ડેકોરા નામના ફર્નીચરના શોરૂમમાં વેપારીએ કોઇ કારણોસર ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી જવા પામી છે. બનાવના પગલે ગાંધીગ્રામ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઇ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેરના રેલનગરમાં આવેલ રાજનગર સોસાયટીમાં રહેતો અને માધાપર ચોકડી પાસે પરાગ પાનવાળી શેરીમાં આર.કે.ડેકોરા નામે ફર્નીચરનો શોરૂમ ચલાવતા હિતક રાજેશભાઇ પરમાર (ઉ.વ.૨૫) નામના વેપારીએ ગઇકાલે બપોરના સમયે શોરૂમની અંદર કોઇ કારણોસર પંખા સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઇ લેતા તેઓને બેભાન હાલતમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજપરના તબીબોએ તેને જોઇ તપાસી મૃતક જાહેર કર્યો હતો. બનાવના પગલે ગાંધીગ્રામ પોલીસ મથકે જાણ કરવામાં આવતા હેડ કોન્સ. મયુરસિંહ જાડેજા સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી જઇ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

## ઘરેથી કોલેજ જવા નિકળેલી નર્સીંગની વિદ્યાર્થીની ગુમ થયાની પોલીસમાં ફરીયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધાર પાસે આવેલા ઇન્દીરાનગર મફતીયાપરામાં રહેતી અને કુંડલીયા કોલેજમાં નર્સીંગનો અભ્યાસ કરતી વિદ્યાર્થીની ગુમ થતા ગાંધીગ્રામ-૨ યુની. પોલીસમાં ફરીયાદ કરવામાં આવતા પોલીસે શોધખોળ શરૂ કરી છે. આ અંગેની માહિતી મુજબ ઇન્દીરાનગર મફતીયાપરામાં રહેતા દિલીપભાઇ નારણભાઇ વાણીયા નામના પ્રૌઢે ગાંધીગ્રામ-૨ યુની. પોલીસમાં ફરીયાદ કરી છે કે, તેની પુત્રી રસ્મીતા વાણીયા (ઉ.વ.૧૮) ગઇકાલે ઘરેથી સવારે ૮:૩૦ વાગ્યે નર્સીંગના અભ્યાસ અર્થે કુંડલીયા કોલેજે જવાનું કહી ઘરેથી નિકળ્યા બાદ પરત નહીં આવતા પિતાએ ગાંધીગ્રામ-૨ યુની. પોલીસમાં જાણવાજોગ ફરીયાદ કરતા એએસઆઇ વિરેન્દ્રસિંહએ પ્રાથમીક તપાસ શરૂ કરી છે.

# આજી ડેમથી કોઠારિયા ચોકડી વચ્ચે બિસ્માર હાઈવેઃ ભાંગેલા તુટેલા રસ્તાથી હજારો લોકો ત્રાહિમામ

## કોંગ્રેસની આગેવાનીમાં કલેક્ટરને આવેદનપત્ર અપાયું, સર્વિસ રોડના અભાવે રોંગસાઈડમાં વાહન ચલાવવા મજબુર બનતા લોકો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજી ડેમ ચોકડીથી કોઠારિયા ચોકડી વચ્ચે બિસ્માર હાઈવે અને રસ્તાના પ્રશ્નને કોંગ્રેસની આગેવાનીમાં રહેવાસીઓએ કલેક્ટરને આવેદનપત્ર આપી ટ્રાફિકના ટેરરમાંથી આ વિસ્તારના લોકોને છોડાવવા માંગણી કરી હતી.

આજીડેમ ચોકડીથી કોઠારીયા (હુડકો)ચોકડી વચ્ચે આવેલા કે.પી. ઈન્ડસ્ટ્રી ઝોન, એન. બી. ઈન્ડસ્ટ્રીઝ ઝોન, રામનાથ ઈન્ડસ્ટ્રીઝ ઝોન ૧,૨,૩,૪, આદિત્ય ઈન્ડસ્ટ્રીઝ ઝોન, મારૂતિ ઇન્ડસ્ટ્રીઝ એરીયા, કિસાન ઈન્ડસ્ટ્રીઝ એરીયા, ધારા ઇન્ડસ્ટ્રીઝ એરીયા, સહજાનંદ ઈન્ડસ્ટ્રીઝ એરીયા, પરમધામ ઇન્ડસ્ટ્રીઝ એરીયા સહિતના અલગ અલગ વિસ્તારના ખોખળદડ નદીના પુલ અને આજી નદીના પુલની વચ્ચે આવેલા છે. આ તમામ વિસ્તારના લોકો બિસ્માર હાઇવે અને બિસ્માર સર્વિસ રોડથી ત્રાહિમામ પોકારી ગયા છે. આ વિસ્તારમાં આવવા-જવા માટે લગભગ ૧૫ વર્ષથી અત્યાર સુધી કોઈ પણ પ્રકારની વ્યવસ્થા જ નથી.હયાત પરિસ્થિતિ પ્રમાણે આ વિસ્તારમા જવા માટે ન ઇચ્છવા છતાં ફરજિયાત ઊંધી દીશામાં પોતાના વાહનો ચલાવીને પસાર થવું પડે છે. બાળકોને શાળાએ મુકવા-તેડવા ફરજિયાત ઊંધી દીશામાં વાહનો ચલાવી ને પસાર થવું પડે છે.હાલમાં ખોખડદળ નદીના પુલ ઉપર એટલા પ્રમાણમાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે જે કાયમી

માથા ના દુખાવા સમાન થઇ ગઈ છે. અંદાજિત ૨ થી ૩ કી.મી. ટ્રાફિક જામની સ્થીતી સવાર-સાંજ સર્જાય છે અને રોજ ત્રણથી ચાર અકસ્માત થાય છે.

આ વિસ્તારમાં જવા-આવવા માટે લગભગ ૧૫ વર્ષથી અત્યાર સુધી કોઈ પણ પ્રકારની વ્યવસ્થા જ નથી તો પણ મહાનગર પાલિકા સ્માર્ટ સીટીના નામે લાખો રૂપિયા વેરો ઉઘરાવે છે. પરંતુ યોગ્ય સવલત આપવામાં નહીં આવતા આ વિસ્તારના હજારો લોકોને ભારે યાતના વેઠવી પડે છે.

# ઉપલેટામાં ઘરની જાળી તોડી તસ્કરોએ સોનાના દાગીના, રોકડની ઉઠાંતરી કરી

## પરિવાર કથાનું રસપાન કરવા ગયો'ને ઘરમાં તસ્કરોના ધામાઃ રૂા.૨.૮૫ લાખની ચોરી

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટાના ગધેથડ ગામે ચાલી રહેલી સપ્તાહમાં ગયેલા પરિવારના ઘરમાં તા. ૧૬/૧૧/૨૦૨૫ ના રાત્રીના ૦૧૦૦ થી ૦૩૦૦ દરમીયાન કોઈ પણ વખતે પરિવાર ઘરે હાજર ના હોઈ ત્યારે તેમના રહેણાક મકાનમાં આગળ તાળુ મારેલ હોઈ તે રૂમમા પાછળની બારીની ગ્રીલ તોડી રૂમમાં કબાટમાં તીજોરીમાં રાખેલ સોના ચાંદીના દાગીના કી.રૂ. ૨,૬૦,૦૦૦/-તથા રોકડ રૂ, ૨૫,૦૦૦/- મળી કુલ કી. રૂ.૨,૮૫,૦૦૦/ના મુદ્દામાલની કોઈ અજાણ્યો ઇસમ ચોરી ગયો હોવાની બાબત સામે આવી હતી ત્યારે આ મામલે ભાયાવદર પોલીસ સ્ટેશનમાં ચોરી અંગેની જયદીપ પાન વાળી ગલીમાં રહેતા અતુલભાઈ ઉગાભાઈ વાસકીયાએ ફરિયાદ નોંધાવી છે.

રાત્રીના આશરે બે વાગ્યે તેમની પત્ની હંસાબેન ભજન સાંભળી ઘરે આવેલ અને તેમને ફોન કરેલ અને જણાવેલ કે, ઘરે જે રૂમમા તાળુ મારેલ તે રૂમનુ તાળુ ખોલેલ છે પરંતુ રૂમનો



દરવાજો અંદરથી ખુલતો નથી તેવું જણાવતા ફરિયાદી પોતાના ઘરે આવેલ અને રૂમનો દરવાજો ખોલતા અંદરથી કોઈએ બંધ કરેલ હોવાનુ જાણવા મળેલ હતું.

આ બાબતે ફરિયાદીએ પ્રથમ આજુ બાજુમા તપાસ કરેલ હતી અને ત્યારે તેમના ગામમા ભાગવત સપ્તાહનો કાર્યક્રમ હોય જેથી હાલે પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ જાહેર કરેલ છે ત્યારે આ બાબતમાં ભાયાવદર પોલીસ દ્વારા ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ ૩૦૫(એ), ૩૩૧(૪) મુજબ ગધેથડ ગામના ફરિયાદીની ચોરી અંગેની પોલીસ ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. જેમાં આ મામલાની તપાસ ભાયાવદર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.એચ.રાખોલીયા દ્વારા ચલાવવામાં આવી રહી હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

# ગોંડલના સિવિલ હોસ્પીટલ ચોકમાં બે જુથ વચ્ચે મારામારી, પાંચ ઈજાગ્રસ્ત

## ચારને વધુ સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં ખસેડાયાઃ ટોળા ઉમટતા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો




**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ સિવિલ હોસ્પિટલ સામેના ચોકમાં દેવીપુજક વચ્ચે રાત્રે જુથ અથડામણ થતા પાંચ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત બની હતી.જે પૈકી ચાર ને વધુ સારવાર માટે રાજકોટ ખસેડાઇ હતી.બનાવ નાં પગલે હોસ્પિટલ માં દેવીપુજક સમાજ નાં ટોળા એકઠા થતા અને વાતાવરણ તંગ બનતા બન્ને ડીવીઝન નાં પીઆઈ.જે.પી.રાવ તથા એલ.આર.ગોહિલ પોલીસ કાફલા સાથે હોસ્પિટલ દોડી ગયા હતા. પ્રાપ્ત વિગત મુજબ રાત્રીનાં દશ નાં સુમારે હોસ્પિટલ સામે આવેલ ચોકમાં દેવીપુજક સમાજના બે જૂથ વચ્ચે સશસ્ત્ર ધિંગાણું ખેલાતા દેકારો બોલી ગયો હતો. ઘટનામાં ૫ લોકો ઈજાગ્રસ્ત થતા ૪ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે રાજકોટ તથા ૧ ઇજાગ્રસ્તને ગોંડલ સીવીલ હોસ્પિટલમા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તમાં દેવીપુજક સમાજના અમિત સેતલભાઈ મકવાણા ( ઉ.વ.૧૫) અશ્વિનભાઈ ભરતભાઈ મકવાણા (ઉ.વ.૨૫)રામા રવજીભાઈ સોલંકી ( ઉ.વ.૨૫) રેખાબેન અકાશભાઈ રાઠોડ - (ઉ.વ.૧૯) ને વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડાયા જ્યારે રોહિત અશોકભાઈ સોલંકી (ઉ.વ.૨૧) ને ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. બનાવ ના પગલે ફરિયાદ લેવાની તજવીજ હાથ ધરી છે.

# વેરાવળમાંથી જમ્મુ-કાશ્મીરના દંપતીની અટકાયત





## મુસાફરખાનામાં પોલીસે ચેકીંગ કરતા શકમંદ દંપતી મળી આવ્યું

**મુખ્ય સમાચાર, ગીર સોમનાથ**

દિલ્હીમાં બોમ્બ બ્લાસ્ટના જમ્મુ-કાશ્મીર કનેકશનને લઈને દેશભરની પોલીસ એલર્ટ બની ગઈ છે. જે તે શહેર, જીલ્લાઓમાં આવા જમ્મુ-કાશ્મીરના વતીઓની તલાસી લેવાઈ રહી છે. ગીર સોમનાથ જીલ્લા પોલીસ દ્વારા પણ સતર્કતાના પગલે રેંજ આઈ.જી. નિલેષ ઝાંઝડીયા, એસ.પી. જયદિપસિંહ જાડેજાની સૂચનાથી ચેકીંગ કરાઈ રહ્યું છે. વેરાવળ સીટી પોલીસ દ્વારા ચેકીંગ દરમિયાન મુસાફરખાનામાં રહેતા શકમંદ કાશ્મીરી યુગલ મળહ આવ્યું છે. પોલીસે જમ્મુ-કાશ્મીરના કુપવાડા જીલ્લાના હયામા ભટ્ટપોરાના મહમદ સીદીક નજીર આમદ મીર (ઉ.વ.૨૭) તથા તેની પત્ની શબનમ બેગમ (ઉ.વ.૨૩)ને અટકાયતમાં લેવાયા છે. બંનેની પુછપરછ કરવામાં આવી છે.

# નકલી પોલીસ બની લોકો પાસે નાણા પડાવવાના ગુનામાં આરોપીની જામીન અરજી ફગાવતી કોર્ટ

## શ્રમિકને જુદા જુદા સ્થળે ફેરવી ૨૦ હજાર પડાવ્યાની ફરિયાદ નોંધાઈ હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસ તરીકેની ખોટી ઓળખ અને ધાકધમકી આપી નાણા પડાવી લેવાના ગુનામાં પકડાયેલા મિહિર ભાનુભાઈ ફુગસિયાની જામીન અરજી અદાલત દ્વારા ફગાવી દેવામાં આવી છે. આ અંગેની હકીકત મુજબ ઢેબર રોડ ઉપર નાગરિક બેંક નજીક ઓટો રિક્ષાને રોકી તેમાં બેઠેલા પરંપ્રાતી સરભાઈ ગુલુભાઈ મુલતાની સમક્ષ પોલીસ તરીકેની ઓળખ આપી પોલીસ સ્ટેશનને લઈ જવાના બહાને જુદા જુદા સ્થળે ફેરવી રૂા. ૨૦ હજાર પડાવી લેવા બાબતેની ફરિયાદ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પોલીસે તપાસ તેમજ સીસીટીવી ફૂટેજના આધારે રીઢા ગુનેગાર મિહિર ભાનુભાઈ ફૂગશીયા (ઉ.વ.૨૦, રહે. પોપટપરા શેરી નં. ૫, રામજી મંદિર પાસે, રાજકોટ) ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૮(૫) તથા ૨૦૪ મુજબ ધરપકડ કરીને ધોરણસરની કાર્યવાહી અને તપાસ બાદ કોર્ટની સૂચનાથી જેલ હવાલે કર્યો હતો. બાદમાં આરોપી મિહિર ફુગસિયાએ જામીન અરજી કરી હતી. જેમાં સરકાર પક્ષેથી દલીલ કરવામાં આવેલ કે આ ફરિયાદ નોંધાઈ હતી, ત્યારે આરોપીનો આ પ્રકારનો પાંચમો ગુનો હતો, ત્યારબાદ તે પકડાયો ત્યાં સુધીમાં પણ પોલીસ તરીકેની ઓળખ આપી નાણા પડાવી લેવાના વધુ બે ગુના આચર્યા હોવાની વિગતો કોર્ટને આપવામાં આવી હતી. તેમજ આરોપીએ ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ છે તેમજ તેનો ગુન્હાહીત ઈતીહાસ છે અને તેની સામે પ્રથમદર્શનીય કેસ છે જે તમામ બાબતોને ધ્યાને લઈ કોર્ટે વિગતવારનો હુકમ પાસ કરેલો જેમાં નોંધ કરેલ કે આરોપીએ ફરિયાદીને ભયમાં મુકેલ છે અને ફરિયાદીને અલગ અલગ જગ્યાએ ફેરવેલ છે અને પછી તેની પાસેથી રૂ. ૨૦ હજાર પડાવી લીધેલ છે અને ગુન્હો ૧૦ વર્ષની સજાને પાત્ર છે જે પ્રકારની નોંધ કરી અને આરોપીને જામીન ઉપર છોડવા માટે કોઈ સંજોગો ન હોવાનું માની અને આરોપીની જામીન અરજી રદ કરતો હુકમ ફરમાવેલ છે. આ કામમાં એ.પી.પી. તરીકે મહેશકુમાર જોષી રોકાયા હતા.